અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ માર્ચ ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૧૦ | અંક : ૨૪૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત, ભારત ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરવા સંમત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "...આપણા દેશને બધાએ લૂંટ્યો છે અને હવે તે બંધ થશે. મેં મારા પહેલા કાર્યકાળમાં તેને બંધ કર્યું હતું અને હવે અમે તેને સંપૂર્ણપણે બંધ કરવા જઈ રહ્યા છીએ કારણ કે તે ખૂબ જ અન્યાયી છે. આર્થિક દ્રષ્ટિકોણથી, નાણાકીય દ્રષ્ટિકોણથી અને વેપારના દ્રષ્ટિકોણથી, આપણા દેશને વિશ્વના લગભગ દરેક દેશ દ્વારા લૂંટવામાં આવ્યો છે. ભારત આપણી પાસેથી ખૂબ ઊંચા ટેરિફ વસૂલ કરે છે. ખૂબ ઊંચા. તમે ભારતમાં કંઈપણ વેચી શકતા નથી. માર્ગ દ્વારા તેઓ સંમત થયા છે; તેઓ હવે તેમના ટેરિફ ઘટાડવા માંગે છે કારણ કે આખરે કોઈ તેમને ખુલ્લા પાડી રહ્યું છે..."અમેરિકાથી ભારતમાં નિકાસ થતી મુખ્ય વેપારી વસ્તુઓની વાત કરીએ તો તેમાં ક્રૂડ તેલ, કોલસો અને ઔદ્યોગિક વસ્તુઓનો સમાવેશ થાય છે.

### ૪૫૦ કરોડની નાણાકીય સહાયનું વિતરણ કર્યું

## મોદીએ મહિલા દિવસના અવસરે લખપતિ દીદીઓ સાથે સંવાદ કર્યો

**મોદીએ વાંસી બોરસી ગામમાં લખપતિ દીદી સંમેલનમાં હાજરી આપી**



। (એજન્સી) નવસારી, તા.૮ ।

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના ગૃહ રાજ્ય ગુજરાતના નવસારીમાં લાખપતિ દીદીઓ સાથે વાતચીત કરી હતી. પીએમ મોદીએ વાંસી બોરસી ગામમાં લખપતિ દીદી સંમેલનમાં હાજરી આપી હતી. તેમણે ૨૫,૦૦૦ થી વધુ સ્વસહાય જૂથો (SHG) ની ૨.૫ લાખથી વધુ મહિલાઓને રૂ. ૪૫૦ કરોડની નાણાકીય સહાયનું વિતરણ પણ કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના નવસારીમાં લખપતિ દીદીઓ સાથે સંવાદ કર્યો હતો. પીએમ મોદીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે વાંસી બોરસી ગામમાં ૨૫,૦૦૦ થી વધુ સ્વ-સહાય જૂથો (SHG) ની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ૪૫૦ કરોડ રૂપિયાની નાણાકીય સહાયનું વિતરણ કર્યું. નવસારીના વાંસી-બોરસીમાં યોજાનારા કાર્યક્રમમાં તમામ વ્યવસ્થા મહિલા પોલીસ કર્મચારીઓ અને કર્મચારીઓને સોંપવામાં આવી હતી. કુલ ૨,૧૬૫ કોન્સ્ટેબલ, ૧૮૭ ઈન્સ્પેક્ટર, ૬૧ સબ-ઈન્સ્પેક્ટર, ૧૯ ડીએસપી, પાંચ ડીએસપી, પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ અને એક એડિશનલ ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ રેન્કના અધિકારીએ આ સમગ્ર કાર્યક્રમની જવાબદારી લીધી હતી. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમ પોલીસિંગ ક્ષેત્રે એક નવો સીમાચિહ્ન સ્થાપિત કરશે, કારણ કે કાયદો અને વ્યવસ્થાના તમામ પાસાઓ તેમજ કાર્યક્રમની વ્યવસ્થા મહિલા પોલીસ અધિકારીના હાથમાં હતી.

આ પહેલા પીએમ મોદીએ ગુજરાતને રૂ. ૨,૫૮૭ કરોડના પ્રોજેક્ટની ભેટ પણ આપી હતી. શુક્રવારે પીએમએ સિલ્વાસામાં ૪૫૦ બેડની નમો હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું. તેમણે સાયલી સ્ટેડિયમમાંથી ૬૨ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો.

### ચીનના હાથમાં આવ્યો 'થોરિયમ'નો કુબેર ભંડાર

। બેઈજીંગ, તા.૮ ।

રશિયા-યુક્રેન યુદ્ધનો અંત આણવા માટે અમેરિકા મધ્યસ્થી કરી રહ્યું છે એમાં એનો યુક્રેનના પેટાળમાં દટાયેલા દુર્લભ ખનીજો હડપી લેવાનો સ્વાર્થ છે. આ બાબતે અમેરિકાને જીદે ચઢેલું જોઈને ખ્યાલ આવે છે કે ખનીજોનું મહત્ત્વ શું છે. દરમિયાન તાજેતરમાં ચીનમાં એક એવા ખનીજનો મબલખ ભંડાર મળી આવ્યો છે જે ચીનને ૬૦,૦૦૦ વર્ષ સુધી અખૂટ ઊર્જા આપી શકે છે. ચીનમાં જે બહુમૂલ્ય ખનીજનો અધધધ ખજાનો મળી આવ્યો છે એનું નામ છે થોરિયમ. ચીનના ભૂસ્તરશાસ્ત્રીઓએ દાવો કર્યો છે કે થોરિયમનો એટલો મોટો જથ્થો મળી આવ્યો છે કે એનાથી ચીનને ૬૦,૦૦૦ વર્ષ સુધી અખૂટ ઊર્જા મળી રહેશે.

### હવે દર મહિને મળશે ૨૫૦૦ રૂપિયા

## દિલ્હીની મહિલાઓને ભેટ, મહિલા સમૃદ્ધિ યોજના લાગુ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, ભાજપે દિલ્હી જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું જેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, સીએમ રેખા ગુપ્તા અને દિલ્હી પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા, બૈજયંત પાંડા, મહિલા મોરચા પ્રમુખ વનથી શ્રીનિવાસન અને સાંસદ કમલજીત સેહરાવત હાજર રહ્યા હતા. આ બેઠકમાં મહિલા સમૃદ્ધિ યોજના અંગે એક મોટી જાહેરાત કરવામાં આવી છે. કેબિનેટે આજે (શનિવાર, ૮ માર્ચ) મહિલા સમૃદ્ધિ યોજનાને મંજૂરી આપી છે. મહિલા સમૃદ્ધિ યોજના અંગે દિલ્હીના સીએમ રેખા ગુપ્તાએ કહ્યું કે માપદંડ અને પોર્ટલ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે, જેના આધારે નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. માહિતી આપતાં દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું, "મહિલા દિવસના સુંદર પ્રસંગે, અમે અમારા મંત્રીમંડળની બેઠક યોજી હતી. અમારા બધા મંત્રીમંડળના સાથીઓ તેમાં હાજર હતા. અમે અમારી જાહેરાતોને પૂર્ણ કરવા માટે કામ કર્યું છે. આજે અમે મહિલા સમૃદ્ધિ યોજના શરૂ કરી છે.

મંત્રીમંડળે મહિલા સમૃદ્ધિ યોજનાને મંજૂરી આપી છે. દિલ્હી મંત્રીમંડળે મહિલા સમૃદ્ધિયોજનાહેઠળ૫૧૦૦કરોડ રૂપિયા આપ્યા છે. અમે મહિલા સમૃદ્ધિ યોજના માટે એક સમિતિની રચના કરી છે, જેની અધ્યક્ષતા હું પોતે કરીશ." કાર્યક્રમ દરમિયાન સીએમ રેખા ગુપ્તાએ મોરચાના સભ્યોનું સન્માન કર્યું.

## આજે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ફાઈનલ મેચ રમાશે

### ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની વિજેતા ટીમને ૨.૨૪ મિલિયન ડોલર એટલે કે લગભગ ૨૦ કરોડ મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઈનલ મેચ રવિવારે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. બંને દેશો વચ્ચેની આ શાનદાર મેચ ભારતીય સમય અનુસાર બપોરે ૨.૩૦ વાગ્યે શરૂ થશે. આ ટાઈટલ મુકાબલામાં માત્ર ટ્રોફી જ નહીં પરંતુ કરોડો રૂપિયાની ઈનામી રકમ પણ બધાની નજર રહેશે. આ વખતે ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ઈનામી રકમમાં ૫૩ ટકાનો વધારો થયો છે. ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની વિજેતા ટીમને ૨.૨૪ મિલિયન ડોલર એટલે કે લગભગ રૂપિયા ૨૦ કરોડ મળશે. રનર અપ ટીમ પર પણ પૈસાનો વરસાદ થશે. ઉપવિજેતા ટીમને ૧.૨૪ મિલિયન ડોલર એટલે કે લગભગ રૂપિયા ૯.૭૪ કરોડ મળશે. ભારત પાસે સુવર્ણ તક છે. જો તે ફાઈનલમાં ન્યૂઝીલેન્ડની ટીમને હરાવશે તો ચેમ્પિયન્સ ટ્રોફી સિવાય તેને ઈનામ તરીકે લગભગ ૨૦ કરોડ રૂપિયા પણ મળશે. જો ભારત ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે હાર્યા બાદ રનર અપ ટીમ રહે છે તો તેને ટ્રોફી ગુમાવવી પડશે અને ૯.૭૪ કરોડ રૂપિયાથી સંતોષ માનવો પડશે. ICC



ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની સેમિફાઈનલમાં હારેલી ટીમ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાને પણ સમાન રકમ ૫,૬૦,૦૦૦ ડોલર એટલે કે લગભગ રૂપિયા ૪.૮૭ કરોડ મળશે. ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની કુલ ઈનામી રકમ ૬૦.૯૦ લાખ ડોલર એટલે કે લગભગ ૬૦ કરોડ રૂપિયા છે. ૨૦૧૭ની સીઝનની સરખામણીમાં આ વખતે ઈનામની રકમમાં ૫૩ ટકાનો વધારો થયો છે. પાંચમા અને છઠ્ઠા ક્રમે આવનાર ટીમને ૩.૦૪ કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. જ્યારે સાતમા અને આઠમા સ્થાને રહેલી ટીમોને ૧.૨૨ કરોડ રૂપિયા મળશે. વધુમાં તમામ આઠ ટીમોને ઈવેન્ટમાં ભાગ લેવા બદલ વધારાના રૂપિયા ૧.૦૮ કરોડ મળશે. ICC મેન્સ ચેમ્પિયન્સ ટ્રોફી ટોપની આઠ ટીમો વચ્ચે દર ચાર વર્ષે રમાય છે.



## 33% મહિલા અનામતની વાતો વચ્ચે ભાજપના નવા સંગઠનમાં માત્ર એક મહિલા નેતાને સ્થાન

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

૩૩% મહિલા અનામતના દાવાઓ વચ્ચે અને મહિલા દિવસની જોરશોરથી ઉજવણીની તેયારીઓ વચ્ચે ગુજરાત ભાજપના નવા સંગઠન માળખામાં માત્ર એક મહિલાને સ્થાન મળ્યું છે. જામનગર મહાનગરપાલિકાની પૂર્વ ડેપ્યુટી મેયર અને પૂર્વ ઉપાધ્યક્ષ મીનાબેન કોઠારી એ એકમાત્ર મહિલા નેતા છે, જેમને પ્રદેશ સંગઠનમાં સામેલ કરવામાં આવ્યા છે. રાજ્યમાં ૩૩ જિલ્લા અને ૮ મહાનગરોના પ્રમુખોની નિમણૂક માટે ભાજપે ૩૫ નામોની જાહેરાત કરી છે, જેમાં ૧૨ હાલના પ્રમુખોને ફરી તક આપવામાં આવી છે. જોકે, અમદાવાદ, વડોદરા, ખેડા, પોરબંદર, પંચમહાલ અને ગાંધીનગર શહેર અને જિલ્લાની નિમણૂક હજુ બાકી છે. આ મહત્વપૂર્ણ નામો હોળી પછી જાહેર થવાની શક્યતા છે. સંગઠનની નવી પસંદગીઓ પર નજર કરીએ તો, ૩૫ પ્રમુખોમાંથી ૨૧ સવર્ણ નેતાઓ છે, ૯ ઓબીસી, ૪ આદિવાસી અને ૧ દલિત નેતાને સ્થાન અપાયું છે. પાટીદાર સમાજના ૯ નેતાઓને તક આપવામાં આવી છે, પરંતુ કોંગ્રેસમાંથી આવેલા કોળી અને આંજણા ચૌધરી સમાજના નેતાઓને પૂર્ણ રીતે અવગણવામાં આવ્યા છે. ભાજપે લાંબા સમય પછી સંગઠનમાં યુવા ચહેરાઓને આગળ લાવ્યા છે. ૨૦૨૧ની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં જે કેડર બદલાવ કરાયો હતો, તેને જળવી રાખતા જૂના નેતાઓને સ્થાન અપાયું નથી. વધુમાં, કોઈ પણ ધારાસભ્ય કે સાંસદને સંગઠનમાં સમાવવામાં આવ્યા નથી.

### મહિલા-બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું

# સ્ત્રી એટલે રિહર્સલ વગર દરેક ભૂમિકા નિભાવતું ઈશ્વરનું અદભુત સર્જન

### કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા અનેકવિધ મહિલાલક્ષી પહેલોના સુદ્રઢ અમલીકરણ થકી આજની નારી સશકત બની છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

૮ માર્ચ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસની શુભેચ્છાઓ પાઠવતાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, સ્ત્રી એટલે જિંદગીના રંગમંચ પર રિહર્સલ વગર દરેક ભૂમિકા સફળતા પૂર્વક નિભાવતુ ઈશ્વરનું અદભુત સર્જન.

આ દિવસ સ્ત્રીશકિત, તેમના સંઘર્ષ અને પ્રેરણાને સન્માન આપવાનો છે. મહિલાઓ સમાજનો મજબુત સ્તંભ છે,જે માત્ર પરિવારનું જ નહિં, સમગ્ર વિશ્વનું સંચાલન કરે છે. આજે મહિલાઓ દરેક ક્ષેત્રમાં પોતાની ક્ષમતા સાબિત કરી રહી છે-કલા, રમતગમત,વ્યવસાય, વિજ્ઞાન કે ટેકનોલોજી, દરેક જગ્યા પર મહિલાઓએ પોતાના શ્રેષ્ઠ પ્રયાસથી સફળતા હાંસલ કરી છે. મહિલાઓના સશકિતકરણને વેગ આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો રાજ્યની મહિલાઓ વતી આભાર વ્યકત કરતા મંત્રી ભાનુબેન બાબરીયાએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા અનેકવિધ મહિલાલક્ષી પહેલોના સુદ્રઢ અમલીકરણ થકી આજની નારી સશકત બની છે. દિકરીના જન્મથી લઈ વૃધ્ધાવસ્થા સુધી સરકાર તેમની પડખે ઉભી છે. મહિલા સશકિતકરણને પ્રેરણા આપતી વિવિધ યોજનાઓ જેમકે, વ્હાલી દિકરી યોજના, કન્યા કેળવણી અભિયાન, શિષ્યવૃત્તિ સહાય, બેટી બચાવો અભિયાન, પોષણ અભિયાન, ગંગાસ્વરૂપા યોજના જેવી અનેક યોજનાઓ મહિલાઓના ઉત્થાનમાં યોગદાન આપી રહેલ છે. મંત્રી ભાનુબેન બાબરીયાએ ઉમેર્યું હતું કે, મહિલાઓનાં અધિકારોની બાબતમાં કે મહિલાઓને પુરુષ સમોવડી બનાવવાની બાબતમાં ભારત હરહંમેશ આગળ રહ્યો છે. દેશને આઝાદી મળતાંની સાથે જ મહિલાઓને પુરૂષોનાં જેટલા જ સમાન અધિકાર અપાયા છે. ભારતે આઝાદ થતાંની સાથે જ મહિલાઓને મતાધિકાર આપી સમાન દરજ્જો આપવાની દિશામાં શરૂઆત કરી હતી.

ત્યારબાદ હિન્દુ મેરેજ એકટ, નોકરીમાં મહિલાઓને આરક્ષણ, સશસ્ત્ર દળોમાં મહિલાઓનું સ્થાન, સંપત્તિમાં મહિલાઓનો અધિકાર, છ મહિનાની માતૃત્વ રજાઓ, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આપવામાં આવતી સહાયમાં મહિલાઓને નામે ઘરની નોંધણી અને છેલ્લે વિશેષ કહી શકાય તેવો અધિકાર એટલે કે, નારી વંદન બિલ. આ બીલ થકી રાજકારણમાં ૩૩% ભાગીદારી સાથે મહિલાઓને પ્રાધાન્ય મળ્યું છે આવા અનેક કાયદા અને નિયમનો દ્વારા મહિલાઓનો સર્વાંગી વિકાસ કરવામાં મદદ કરી છે.

મહિલા સશકિતકરણ અંગે જાગૃકતા કે સફળતા એ માત્ર સરકારના પ્રયત્નો થકી નથી મળતી પરંતુ સમાજે તેમાં પૂરી નિષ્ઠાથી જોડાવવું પડે છે. મહિલા ઉત્કર્ષ કે અધિકાર કે સશકિતકરણની જવાબદારી સહિયારી છે. આપણે સૌની ભાગીદારીથી એવા વિકસિત સમાજ અને વિકસિત રાષ્ટ્રનું નિર્માણ કરવાનું છે જ્યાં ખરા અર્થમાં મહિલાઓને સમાન હક મળતો હોય, તેઓ સુરક્ષીત રીતે રહી શકતી હોય તેમ મંત્રી ભાનુબેન બાબરીયાએ વધુમાં ઉમેર્યું હતું.

### સૌરાષ્ટ્રમાં ઘઉંનું વાવેતર ખૂબ જ થાય છે

# બજારમાં નવા ઘઉંની આવક, ભાવમાં ઘટાડો થતાં ખેડૂતો નિરાશ

। (એજન્સી) અમરેલી, તા.૮ ।

ઘઉંના ભાવમાં ઘટાડો થયો છે. સૌરાષ્ટ્રમાં નવા ઘઉંની શરૂઆત થઈ ગઈ છે અને હાલ ઘઉંના ભાવમાં રૂપિયા ૨૫ સુધીનો ઘટાડો ૨૦ કિલોએ થયો છે. ઘઉંની આવકમાં સતત વધારો થયો છે. ઘઉંની સિઝન શરૂ થતાં ભાવમાં ઘટાડો થતાં ખેડૂતો નિરાશ થાય છે. રાજકોટ યાર્ડમાં ૫૦૦૦ ગુણીની ઘઉંની આવક નોંધાઈ છે. રાજકોટ યાર્ડમાં મિલબરના ભાવમાં ૪૯૫ થી ૫૦૫ રૂપિયા સુધી બોલાયા હતા. એવરેજ ભાવ ૫૧૦ થી ૫૪૦ રૂપિયા બોલાયો હતો. સારી ક્વોલિટીમાં ૫૫૦ થી ૫૮૦ રૂપિયા ભાવ બોલાયો હતો. યાર્ડમાં સતત આવકમાં વધારો થયો છે. ગોંડલ યાર્ડમાં ૧૯ હજાર ગુણીની ઘઉંની આવક નોંધાઈ હતી. જેમાં ઘઉં લોકવનનો ભાવ ૫૨૪ થી ૫૫૬ રૂપિયા સુધી નોંધાયો હતો. જ્યારે ઘઉં ટુકડાનો ભાવ ૪૯૬ થી ૬૭૧ રૂપિયા ભાવ બોલાયો હતો. હિંમતનગર યાર્ડમાં ૧૨૦૦ ગુણીની આવક નોંધાઈ હતી અને ૫૫૦ થી ૬૯૧ રૂપિયા ભાવ બોલાયો હતો.

અમરેલી યાર્ડમાં ૪૪૦૦ મણ ટુકડા ઘઉંની આવક નોંધાઈ હતી અને ભાવ ૪૯૫ થી ૫૮૦ રૂપિયા બોલાયો હતો. સાવરકુંડલા યાર્ડમાં ૫૫૦ થી ૫૮૧ રૂપિયા ભાવ બોલાયો હતો. મહુવા યાર્ડમાં ૪૪૬ મણની ઘઉંની આવક નોંધાઈ હતી. ૪૫૦ થી ૫૯૩ રૂપિયા ભાવ બોલાયો હતો.

### હવે નવી પેટર્નથી પરીક્ષા લેવાશે

# CBSE બોર્ડની પરીક્ષામાં મોટો બદલાવ કરવામાં આવ્યો

### વિદ્યાર્થીઓને હવે વર્ષમાં બે વાર પરીક્ષા આપવાનો મોકો મળશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન એટલે કે CBSEએ વર્ષ ૨૦૨૬થી બોર્ડની પરીક્ષામાં મોટો ફેરફાર કરવાની તૈયારી કરી લીધી છે. ખરેખર, હવે વિદ્યાર્થીઓને વર્ષમાં બે વાર બોર્ડની પરીક્ષા આપવાની તક મળશે, અને સારી વાત એ છે કે વધુ સારા માર્કસ મેળવનારને અંતિમ સ્કોરમાં ગણવામાં આવશે. આ વિદ્યાર્થીઓને વધારાની તક આપશે, જેથી તેઓ તેમના પ્રદર્શનમાં સુધારો કરી શકે અને વધુ સારા પરિણામો પ્રાપ્ત કરી શકે. પરંતુ તમને જણાવી દઈએ કે આ ફેરફાર માત્ર ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યો છે. પહેલાની જેમ ધોરણ ૧૨ની પરીક્ષા વર્ષમાં માત્ર એક જ વાર લેવામાં આવશે.

હવે તમારા મનમાં આ પ્રશ્ન અવશ્ય ઊભો થતો હશે કે આ પરીક્ષાઓ વર્ષમાં બે વાર ક્યારે લેવાશે? ઉપરાંત, તેમના સ્કોર્સની ગણતરી કેવી રીતે કરવામાં આવશે? જો બીજી પરીક્ષામાં પ્રથમ પરીક્ષા કરતા ઓછા ગુણ આવે તો કોના ગુણ ગણાશે? બોર્ડે આ નિર્ણય કેમ લીધો? આ તમામ સવાલોના જવાબ અમે આ સમાચાર દ્વારા આપીશું.

CBSE દ્વારા બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટ અનુસાર, પ્રથમ પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી ૬ માર્ચ ૨૦૨૬ દરમિયાન અને બીજી પરીક્ષા ૫ મેથી ૨૦ મે દરમિયાન લેવામાં આવશે. અત્યાર સુધી બોર્ડની એક જ પરીક્ષા ૩૨ દિવસમાં પૂર્ણ થતી હતી, પરંતુ હવે બંને તબક્કાઓ મળીને ૩૪ દિવસમાં પૂર્ણ થશે. જોકે, આ ફેરફારથી વિદ્યાર્થીઓને તેમના વિષય પ્રમાણે પરીક્ષા આપવા માટે ઓછો સમય મળશે. જ્યારે પહેલા બે પરીક્ષાઓ વચ્ચે ૫ થી ૧૦ દિવસનું અંતર હતું, હવે તે માત્ર ૧ કે ૨ દિવસનું રહેશે. તેથી, વિદ્યાર્થીઓએ તેમની તૈયારીની વ્યૂહરચના સુધારવી પડશે, જેથી તેઓ બંને તકોનો યોગ્ય ઉપયોગ કરી શકે. આ સિવાય વિદ્યાર્થીઓને વિકલ્પ આપવામાં આવશે કે તેઓ બંને પરીક્ષામાં બેસવા માગે છે કે માત્ર એક જ. નોંધણી સપ્ટેમ્બર ૨૦૨૫ માં પૂર્ણ થશે.

### ગુજરાતને રેલવે ફાટક મુક્ત બનાવવાની યોજનાને મંજૂરી

। ગાંધીનગર, તા.૮ ।

ગુજરાતના મુખ્ય ૮૩ લેવલ ક્રોસિંગને અંડર કે ઓવરબ્રિજમાં રૂપાંતરિત કરી રાજ્યને ફાટક મુક્ત બનાવવાની કવાયત હાથ ધરી છે. ગુજરાતને સંપૂર્ણ રીતે ફાટક મુક્ત બનાવવાની આ યોજના ૧૩૯૩ કરોડ રૂપિયાની છે. જે હેઠળ રાજ્યના ૮૩માંથી ૧૧ લેવલ ક્રોસિંગને અંડર કે ઓવર બ્રિજમાં રૂપાંતરિત કરવામાં આવ્યાં છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના જણાવ્યા મુજબ, છેલ્લાં એક દસકામાં લગભગ ૧૦૫૦ લેવલ ક્રોસિંગને અંડર બ્રિજ કે ઓવરબ્રિજમાં રૂપાંતરિત કરી દેવાયા છે. તેમજ ગુજરાતમાં બ્રોડગેજ નેટવર્ક પરના તમામ માનવરહિત લેવલ ક્રોસિંગ ૨૦૧૮માં જ નાબુદ કરી દેવાયા છે.

### હવે આપવામાં આવશે પાર્ટીમાં મહત્વપૂર્ણ સ્થાન

# ભાજપે ૧૦૦ મુસ્લિમોની નોંધાવી હતી ઉમેદવારી, ૮૨ની જીત થઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકામાં ભાજપે વિધાનસભા અને લોકસભા માટે કોઈ મુસ્લિમ ઉમેદવાર તરીકે ઉભા રાખવામાં આવ્યા ન હતા. પરંતુ હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના મુસ્લિમ પ્રતિનિધિઓની સંખ્યા ૮૨ સુધી પહોંચ્યા બાદ, પાર્ટીએ તેમને સંગઠનમાં સ્થાન આપવાનું શરૂ કર્યું છે.

ખેડા, જૂનાગઢ અને ગીર સોમનાથના તહસીલ સંગઠનમાં પ્રમુખ અને ઉપપ્રમુખ જેવા પદ મુસ્લિમ નેતાઓને આપવામાં આવ્યા છે. રાજ્યમાં લાંબા સમય સુધી ભાજપ અને મુસ્લિમ મતદારો વચ્ચેનો આંકડો ૩૬ હતો, પરંતુ છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં ભાજપે નગર પાલિકા, જિલ્લા પંચાયત, તહેસીલ પંચાયતની ચૂંટણીઓમાં મોટી સંખ્યામાં તેના મુસ્લિમ નેતાઓને ટિકિટ આપી છે, અને તેથી તેમનો જીતનો આંકડો પણ વધ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં યોજાયેલી ૬૬ નગરપાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીમાં ભાજપે ૧૦૦ થી વધુ મુસ્લિમ નેતાઓને ઉમેદવારો તરીકે ઉભા રાખ્યા હતા અને તેમાંથી ૮૦ થી વધુ જીત્યા હતા.

જો આંકડાકીય માહિતીની વાત કરીએ તો ભાજપના મુસ્લિમ ઉમેદવારોનો વિજય રેટિંગ ૭૩ ટકા હતો. ભાજપના મીડિયા ઈન્ચાર્જ યજ્ઞેશ દવે કહે છે કે પહેલી નાગરિક સંસ્થાની ચૂંટણીમાં ભાજપ પાસે ૪૧ મુસ્લિમ પ્રતિનિધિઓ હતા જે હવે વધીને ૮૨ થઈ ગયા છે. આ ચૂંટણીમાં ભાજપના ૨૧૦ ઉમેદવારો બિનહરીફ જીત્યા હતા, જેમાંથી ૨૧ મુસ્લિમ નેતાઓ છે. ભાજપના મીડિયા ઈન્ચાર્જના જણાવ્યુ છે કે ઘણા શહેરો અને નગરોમાં મુસ્લિમ નેતાઓ કોંગ્રેસની ટિકિટ પર ઉભા નથી રહ્યા. તેથી, ભાજપના આ મુસ્લિમ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા. તાજેતરમાં, ભાજપે જિલ્લા અને તાલુકા સ્તરે પ્રમુખો અને ઉપપ્રમુખોની નિમણૂક કરી, જેમાં ખેડા જિલ્લાના મહુધામાં મોહમ્મદ અશફાક મલેકને ઉપપ્રમુખ પદ આપવામાં આવ્યું. આ ઉપરાંત, જૂનાગઢના વંથલીમાં હુશીના બેન સોઢાને ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ગીર સોમનાથના કોડીનારમાં આબીદા ખાતૂન નકવીને પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

# તંત્રની ભૂલને કારણે ૨૨૦૦ સીમેન્ટની થેલી બની ગઈ પથ્થર

। (એજન્સી) મોરબી, તા.૮ ।

ગુજરાતમાં સરકારમાં એવા ઘણા અધિકારીઓ અને કર્મચારીઓ છે, જે માત્ર પ્રજાના પૈસાથી પગાર જ લે છે. કામ કંઈ કરતા નથી...વાત મોરબીની છે જ્યાં પ્રજાના ટેક્ષના પૈસાથી લોકસુખાકારીના કામ માટે સિમેન્ટની થેલીઓ લાવવામાં આવી હતી...પણ અધિકારીઓ અને કર્મચારીઓએ આ સિમેન્ટમાં ચોમાસામાં પલળવા દીધો અને તડકામાં સુકાવા દીધો...જેના કારણે સિમેન્ટની થેલીઓ પથ્થર બની ગઈ...આ ઘટનાનો રિપોર્ટ આવ્યો તો વધુ ચોંકાવનારો ખુલાસો થયો. મોરબી નગરપાલિકાના શાસકો અને અધિકારીઓએ સિમેન્ટની ખરીદી કરી હતી.આ સિમેન્ટથી જુદા જુદા વિસ્તારમાં રોડ-રસ્તાના કામો કરવાના હતા.શહેરના લીલાપર રોડ પર આવેલા આવાસ યોજનામાં સિમેન્ટ મુકવામાં આવ્યો હતો. પરંતુ અધિકારીઓએ સમસયસર કામ ન કરતાં અને યોગ્ય રીતે થેલીઓને ન મુકી તેના કારણે પ્રજાના પૈસાનો મોટો વેડફાટ થયો છે.તપાસ રિપોર્ટમાં ૨૨૦૦ થેલી સિમેન્ટ બગડી હોવાનું ખુલતા તત્કાલિન ચીફ ઓફિસરો સામે ખુલાસો માંગવામાં આવ્યો છે, સાથે જ તમામ તત્કાલિન અધિકારીઓને ૧૫ માર્ચ સુધીમાં જવાબ આપવાનો આદેશ કમિશનરે કર્યો છે.

સરકારી અધિકારીઓ પ્રજાના ટેક્ષના પૈસાથી જલસા કરે છે, સરકારી ગાડીમાં આંટાફેરા મારે છે અને ઓફિસમાં ACની ઠંડી હવા ખાય છે. પણ પ્રજાના જ કામ સારી રીતે કરતાં નથી. સરકારી કર્મચારીઓના પાપે જ પ્રજાને હેરાન થવું પડે છે.ત્યારે આવા અધિકારીઓ કે કર્મચારી જે પણ હોય તેની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. તપાસનો રિપોર્ટ આવી ગયો છે, જેમના નામ છે તેમને જવાબ રજૂ કરવા માટે આદેશ અપાયો છે.

# વાંકાનેર શહેરની ભૂગર્ભ ગટર યોજનાને ૫.૭૪ કરોડની મંજૂરી

। (એજન્સી) વાંકાનેર, તા.૮ ।

ગૃહમાં વાંકાનેર શહેરમાં ભુગર્ભ ગટર યોજના અંતર્ગત કરાયેલ કામ અંગે વાંકાનેરના ધારાસભ્ય જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નના જવાબમાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વાંકાનેર શહેરની ભૂગર્ભ ગટર યોજનાને રૂ. ૫.૭૪ કરોડની મંજુરી આપવામાં આવી છે.

આ યોજના અંતર્ગત સ્થિતિએ રૂ. ૪૭.૬૫ લાખનો ખર્ચ થયો છે. કુલ મંજુર થયેલ કામ પૈકી ૩૫ % કામ પૂર્ણ થયેલ છે, બાકીના કામો ડિસેમ્બર – ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે તેમ મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે અને વધતી જતી શહેરીકરણની ઝડપ અને તે અન્વયે ઉપસ્થિત થયેલ પડકારોને પહોંચી વળવા રાજયના શહેરોના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૦૯માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલી બનાવાઈ હતી.આ યોજના અંતર્ગત વાંકાનેર નગરપાલિકાની ભુગર્ભ ગટર યોજના (ભાગ-૨) માં કલેકટીંગ નેટવર્ક, હાઉસ કનેકશન તથા ૨ વર્ષ મરામત અને નિભાવણીના કામો કરાયા છે.

આ ઉપરાંત મોરબી જિલ્લાની નગરપાલિકામાં કેટલી ક્ષમતાના STP(સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ)ની કામગીરી વિશેની માહિતી આપતા જણાવ્યું હતું કે, વાંકાનેરમાં ૫.૮ સ્ન્ઢની ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, હળવદમાં ૬.૭ MLD અને માળીયા મિયાણામાં ૨.૫ MLD ની ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

## વિશેષ

### તાપી જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે સમાન સિવિલ કોડના અમલીકરણ બાબતે બેઠક યોજાઇ

# સમાન સિવિલ કોડ સમિતિ ગુજરાતના સભ્ય દક્ષેસ ઠાકર અને ગીતાબેન શ્રોફ બેઠકમાં ઉપસ્થિત રહી

# કાયદાના નિષ્ણાતો, સામાજિક કાર્યકરો, ધાર્મિક સંસ્થાના વડાઓ, નાગરિકો પાસેથી વિવિધ મંતવ્યો મેળવ્યા

। (માહિતી) ગાંધીનગર ।





ગુજરાત સરકાર દ્વારા રાજ્ય માટે સમાન સિવિલ કોડ (UCC)નો ડ્રાફ્ટ તૈયાર કરવા સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ દ્વારા રાજ્યમાં સમાન સિવિલ કોડના અમલીકરણ બાબતે સૂચનો/ મંતવ્યો મેળવવાના ભાગરૂપે તા. ૭/૩/૨૦૨૫ના રોજ સમાન સિવિલ કોડ સમિતિ ગુજરાતના સભ્ય શ્રી દક્ષેસ ઠાકર અને શ્રીમતી ગીતાબેન શ્રોફની ઉપસ્થિતીમાં તાપી કલેકટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં તાપી જીલ્લાના તાપી જિલ્લા કલેકટરશ્રી ડો.વિપિન ગર્ગ, જિલ્લા પોલિસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ,સહિત ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, ધાર્મિક સંસ્થાના વડાઓ, કાયદાના નિષ્ણાતો, સામાજિક કાર્યકરો, નાગરિકો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સમાન સિવિલ કોડના ઉપસ્થિત સભ્યશ્રીઓએ તાપી જિલ્લાના કાયદાના નિષ્ણાતો, સામાજિક કાર્યકરો, ધાર્મિક સંસ્થાના વડાઓ, વિવિધ સમાજના આગેવાનો,નાગરિકો પાસેથી સમાજમાં ચાલી રહેલા લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ અને લિવ-ઈન રિલેશનશિપ ની નોધણી બાબતે વિવિધ મંતવ્યો મેળવ્યા હતા. સમાન સિવિલ કોડના સભ્યશ્રી દક્ષેસ ઠાકરે સૌ આદિવાસી અગેવાનો,સમાજકર્તાઓ સહિત નાગરિકોને જણાવ્યું હતુ કે સમાન નાગરિક સંહિતા આદિવાસી સમુદાયની નીતિઓ, નિયમો, રિવાજો અને કાયદાઓનું રક્ષણ કરશે, ખાતરી કરશે કે તેમના અધિકારો અને રિવાજો અપ્રભાવિત રહે. વધુંમાં ઉમેર્યુ હતુ કે આ કાયદાથી સમાજના રિતી-રિવાજો બદલાશે નહિ પરંતુ જ્યારે કોઈ પણ સમાજના લગ્ન થાય તો એની નોંધણી કરવી જરુરી છે. સમાજ બદલાય તેમ કાયદાઓમાં પણ બદલાવ જરુરી છે એવુ સરકાર માને છે.તેથી આ વિષયો ઉપર વિવિધ મંતવ્યો-સુચનો અગત્યઆ બની રહે છે એમ ઉમેર્યું હતું. નોધનિય છે કે,ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં સમાન સિવિલ કોડ લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે માનનીય ન્યાયમૂર્તિ (નિવૃત) રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં સમાન સિવિલ કોડ સમિતિની રચના કરી છે. જે સમિતિમાં શ્રી સી. એલ. મીના આઈ.એ.એસ. (નિવૃત્ત), શ્રી આર.સી.કોડેકર વરિષ્ઠ એડવોકેટ, શ્રી દક્ષેસ ઠાકર પૂર્વ વાઈસ ચાન્સેલર (VNSGU) અને સુશ્રી ગીતાબેન શ્રોફ સામાજિક કાર્યકર સભ્યો છે. આ સમિતિ દ્વારા ગુજરાતના રહેવાસીઓના વ્યક્તિગત દિવાની બાબતોનું નિયમન કરતા પ્રવર્તમાન કાયદાઓની સમિક્ષા કરવામાં આવી રહી છે. મૂલ્યાંકન બાદ જરૂરિયાતના આધારે સમિતિ કાયદાની રૂપરેખા સુચવશે. જેમાં સમિતિ લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ અને લિવ-ઈન રિલેશનશિપ વિષયોના સમાવેશ કરવા બાબતે વિચારણા કરાશે. ધર્મ આધારિત કૌટુંબિક કાયદાઓ અંગે ભેદભાવપૂર્ણ વ્યવહાર દૂર કરવા બાબતે વિચારણા કરાશે. છૂટાછેડા, લગ્ન, ભરણપોષણ, મિલકત અધિકારો બાબતે બધા સમુદાયોમાં એક સમાન કાયદો/આધાર કરવા અંગે વિચારણા કરાશે. આ મહત્વપૂર્ણ વિષય પર અસર કરતા સંબંધિત મુદ્દાઓનું મૂલ્યાંકન કરવા માટે, સમિતિ ગુજરાતના રહેવાસીઓ અને સરકારી એજન્સીઓ, બિન-સરકારી સંસ્થાઓ, સામાજિક જૂથો અને સમુદાયો, ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય પક્ષો સહિત ગુજરાત સ્થિત સંસ્થાઓને તા.૨૪/૦૩/૨૦૨૫ના રોજ અથવા તે પહેલાં ઈ-મેલ (ucc@guja®a.gov.in) અથવા વેબ-પોર્ટલ (https://uccguja®a.in) અથવા ટપાલ (સરનામું - સમાન સિવિલ કોડ સમિતિ ઑફિસ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, વિભાગ એ, છઠ્ઠો માળ, સેક્ટર ૧૦ એ, ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૦) દ્વારા તેમના મંતવ્યો, સૂચનો રજૂ કરવા અપીલ કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# સતત ફ્લર્ટ કરતા હોય એ પણ શું એક જાતની બીમારી કહેવાય છે?

## ફ્લર્ટ એટલે નૉર્મલ કરતાં વધારે સારી રીતે કે વધારે પડતું લળીને વાત કરવી અને એવું કરીને સામેવાળાને સ્પેશ્યલ ફીલ કરાવવું



આ અહીં હેડિંગમાં જે સવાલ કર્યો એ સવાલ હમણાં થોડા સમય પહેલાં કૉર્પોરેટ કંપનીમાં જૉબ કરતા એકત્રીસ વર્ષના યંગસ્ટરે પૂછ્યો. પૂછનાર પુરુષ હતો. આ પ્રશ્ન તેણે પોતાની ગર્લફ્રેન્ડ માટે પૂછ્યો હતો. સ્વાભાવિક રીતે કોઈને પણ નવાઈ લાગે કે આવો પ્રશ્ન છોકરા માટે પુછાવો જોઈએ, છોકરી ક્યારેય ફ્લર્ટ નથી કરતી હોતી. પણ આ માન્યતા છે. છોકરીઓ પણ ફ્લર્ટ કરતી હોય અને એમાં કશું ખોટું પણ નથી. ફ્લર્ટ વિશે વધારે વાત કરતાં પહેલાં એ જાણવું જોઈએ કે ફ્લર્ટ એટલે ખરેખર શું અને એના ફાયદાઓ શું હોય છે. ફ્લર્ટ એટલે નૉર્મલ કરતાં વધારે સારી રીતે કે વધારે પડતું લળીને વાત કરવી અને એવું કરીને સામેવાળાને સ્પેશ્યલ ફીલ કરાવવું. કોઈને પણ સ્પેશ્યલ ફીલ કરાવો એ સારી વાત છે અને એનો સીધો ફાયદો એ છે કે તમે જેને સ્પેશ્યલ ફીલ કરાવો છો તેનું પણ તમને સ્પેશ્યલ અટેન્શન મળવા માંડે છે. આમાં કશું ખોટું નથી, પણ જો આવું કરાવતી વખતે મનમાં એ જ ભાવ હોય કે અંગત રીતે સ્પેશ્યલ ફીલ મળે તો એ ખરાબ છે. આ પ્રકારની ફીલ સમય જતાં એક આદત બનવા માંડે અને આદત બને એટલે સતત ફ્લર્ટ કરતા રહેવાની માનસિકતા પણ ડેવલપ થવા માંડે. ફ્લર્ટ એ બીમારી નથી. એ તંદુરસ્ત સ્વભાવની નિશાની હોઈ શકે, પણ સતત ફ્લર્ટ કરવું અને દરેક સાથે ફ્લર્ટ કરતાં રહેવું એ બીમારી ચોક્કસ છે. ઘણા કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે સતત ફ્લર્ટ કરતાં રહેવાની બીમારીથી પીડાતી વ્યક્તિઓ એક તબક્કે સામેની વ્યક્તિનું સ્તર કે તેનું સ્ટેટસ પણ નોટિસ નથી કરતી અને કોઈની પણ સાથે ફ્લર્ટી કહેવાય એવી સ્ટાઈલમાં વાત કરવા લાગે છે.

## ૧૮-૪૦ વર્ષના લોકોમાં એસિડિટીનું વધતું પ્રમાણ ચિંતાજનક છે



# યુવાનોમાં વધતી જતી એસિડિટી પાછળ જવાબદાર કારણોને ઓળખો

એસિડિટીની તકલીફ ઘણા લોકોને સાવ સામાન્ય લાગે છે. એક સમય હતો જ્યારે દરરોજ થતી પેટની કે છાતીની બળતરા કે ઘચરકા કે ખાટા ઓડકાર કે માથાનો દુખાવો વગેરેની તકલીફ ફક્ત ૫૦ વર્ષથી ઉપરના લોકોને જ થતી હતી. યુવાન વયમાં કોઈ કહે કે મને આટલું તીખું નથી ખાવું કે માફક નહીં આવે તો લોકો એના પર હસતા, પરંતુ આજકાલ સમય બદલાયો છે. યુવાનો ખીચડી પર આવી ગયા છે, કારણ કે યુવાનોમાં ઍસિડિટી અને ગૅસની તકલીફ જોવા મળે છે. ફક્ત જોવા મળે છે એવું નહીં પરંતુ તેમનામાં એવી ઍસિડિટી જોવા મળે છે જેને કારણે તેમના રોજિંદા કામકાજ પર પણ અસર પડતી દેખાય છે. ૧૮-૪૦ વર્ષના લોકોમાં ઍસિડિટીનું વધતું પ્રમાણ ચિંતાજનક છે. યુવાનોમાં ઍસિડિટી થવા પાછળનાં કારણોમાં પહેલું કારણ છે અપૂરતી ઊંઘ. આજના યુવાનો માટે રાત્રી જાગરણ ફૅશન બની ગયું છે. મુંબઈ જેવા શહેરમાં તો રાત્રે ૧૨ પહેલાં કોઈ સૂઈ જાય તો લોકો નવાઈ પામે છે. આ રાતના ઉજાગરાઓ શરીરમાં બિનજરૂરી વધુપડતા ઍસિડનું નિર્માણ કરે છે. એટલે જરૂરી છે કે આ આદતોને બદલવી. બીજું કારણ છે આલ્કોહોલ અને સ્મોકિંગ. યુવાનોમાં આ બન્ને કુટેવ ઘણી વધારે માત્રામાં જોવા મળે છે. ઘણા લોકો એવા પણ છે જે માને છે કે યુવાન વયે આ આદતો નુકસાન કરતી નથી. હકીકત એ છે કે આ કુટેવો કોઈ પણ ઉંમરે નુકસાન કરે જ છે. ત્રીજું કારણ છે બહારનો ખોરાક. યુવાન લોકો તો બહારનું ખાવાના વધુ શોખીન હોય છે. શનિ-રવિવારે પાર્ટીઝ કરવાની શોખીન જનતા ઍસિડિટીનો ભોગ બનવાની જ છે. તીખું તળેલું ખાવાનો શોખ ઘણો હોય છે. આ સિવાય યુવાનો ખાય ત્યારે ખાય બાકી લાંબો સમય કામના કારણે ખૂબ ભૂખ્યા રહે છે. એને લીધે પણ ઍસિડિટીની તકલીફ વધે છે. ચોથું કારણ છે બેઠાડુ જીવન. આજકાલ યુવાનો કામ ઘણું કરે છે. ૨૪ કલાકમાંથી ૧૮ કલાક કામ કરે છે પરંતુ આ કામ બેઠાડુ છે. જ્યારે વ્યક્તિ બેઠાડુ જીવન જીવે છે ત્યારે પણ તેના શરીરમાં ઍસિડિટી વધુ બને છે કારણ કે બેઠાડુ જીવન પાચનતંત્ર પર ઘણું અસર કરે છે. પાંચમું



કારણ છે સ્ટ્રેસ. આજના યુવાનોના જીવનની સૌથી મોટી તકલીફ છે સ્ટ્રેસ. ઍવરેજ દરેક યુવાન આજે એ સહન કરી શકે એના કરતાં ઘણા વધુ સ્ટ્રેસને સહન કરતો હોય છે. આ સ્ટ્રેસ શરીરમાં ઍસિડિટીની માત્રાને ખૂબ વધારી દે છે. આ કારણોને સમજીને એના પર કામ કરવું જરૂરી છે. યુવાન વયે ઍસિડિટી કેટલાય રોગોને તાણી લાવે એ પહેલાં ચેતવું જરૂરી છે. યુવાનોમાં વધતી જતી ઍસિડિટી એ આજે એક ચિંતાજનક સમસ્યા બની ગઈ છે.

૧૮-૪૦ વર્ષના લોકોમાં ઍસિડિટીનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે, જેની વિવિધ શારીરિક અને માનસિક અસરોથી લોકોને grappling કરવું પડી રહ્યું છે. ઍસિડિટી એટલે પેટમાં પાચકનો વધો જવું અને આના કારણે પેટમાં બળતરા, દુખાવા, અને અનિયમિત પાચન સમસ્યાઓ સર્જાય છે. યુવા પેઢી વચ્ચે ખોરાકના ચિંતાજનક આદતો વધતા જાય છે. ખોટા ખોરાક, જેમ કે ફાસ્ટ ફૂડ, મસાલેદાર અને તળેલા ખોરાક, અને સોદાનું સેવન, એ બધું પેટના પાચન તંત્ર પર ભાર મૂકેછે. આ ખોરાકોમાં વધુ મસાલા, ફેટ અને કફી-કોલા સહિતના પદાર્થો પેટના એસિડ લાવવાનો કારણ બની શકે છે. આધુનિક જીવનશૈલીમાં તણાવ અને માનસિક દબાવ સામાન્ય છે. ખાસ કરીને યુવાનોમાં વધુ પડતો લક્ષ્ય મેળવવા માટેનો દબાવ અને કામના દબાવને કારણે પેટના એસિડને પ્રક્ષિપ્ત કરવા માટેનું તંત્ર સક્રિય થઈ જાય છે. આ તણાવ મગજથી બહાર પડે છે, જે શરીરમાં વધુ એસિડ સ્રાવ કરે છે.

## પાચન સાથે કરાતાં આ ચેડાં ભારે પડી શકે છે

# ચૂર્ણ કે રેચક પદાર્થ પાચન સુધારતા નથી, બગાડે છે

ઘણા લોકો હજમાહજમ, જલજીરા, જીરાગોળી, હિંગાષ્ટક, હિમેજ, અજમો, હિંગ, એરંડિયું, જાતજાતના ચૂર્ણને પોતાના પાચન સંબંધિત સમસ્યાઓ માટે બેફામ વાપરતા હોય છે. ઘણા લોકો વર્ષો સુધી એ નિયમિતપણે એ લીધા જ કરે છે તો ઘણા જુદી-જુદી વસ્તુઓ ટ્રાય કરીને પોતાના પાચન પર પ્રયોગો કર્યા કરતા હોય છે. ભારતમાં દરેક વ્યક્તિ બીજી કોઈ બાબતે ચિંતા કરે કે ન કરે એના પાચન સંબંધિત ચિંતાઓ તેને થયા કરતી હોય છે. દરેક ઘરમાં પાચન માટેનું હિંગાષ્ટક કે હિમેજના ઉપયોગનું કે બીજા ઘણા રેચક પદાર્થોના મિશ્રણવાળું ચૂર્ણ મળી જ આવશે જેનો પ્રયોગ લોકો મનફાવે એમ કરતા હોય છે. ઘણા આયુર્વેદિક સ્ટોરમાં એ દુકાનદારે પોતાનાં બનાવેલાં ચૂર્ણ પણ મળતાં હોય છે. તમે તેને જઈને કહો કે ભાઈ ગૅસની તકલીફ છે કે અપચો અને કબજિયાત લાગે છે તો તે તેની રીતે ચૂર્ણ આપે છે. ઘણા લોકો તો શોખ માટે જીરાવટી, હજમાહજમની ગોળીઓ, જલજીરા ખાતા હોય છે. ખાટી અને ખારી આ ગોળીઓ ખાવામાં મજેદાર હોય છે અને લોકો માને છે કે પાચન માટે એ બેસ્ટ છે. એ ખાઈને એક ઓડકાર આવી જાય તો માને છે કે વાહ, પાચનમાં મદદ મળી રહી છે. આ આદતો, પાચનને સારું નથી કરતા; ઊલટું એ પાચન બગાડે છે. મહત્ત્વનું એ છે કે નાનપણથી ખાતા હોવાથી અને ખાવામાં મજા આવતી હોવાથી લોકો એને વગર રોકટોકે ખાય છે જે બિલકુલ યોગ્ય નથી. ચૂર્ણ, ગોળીઓ કે સીધા પદાર્થો કોઈ નુકસાન કરતાં નથી; એની કોઈ સાઈડ ઈફેક્ટ નથી એવું લોકો માને છે અને એટલે જ એ વગર કોઈ ડરે પોતાની રીતે લેવા લગતા હોય છે. મોટા ભાગનાં કબજિયાતનાં ચૂર્ણમાં સોનામુખી નામનો પદાર્થ વાપરવામાં આવે છે જેનો લાંબા ગાળાનો ઉપયોગ વ્યક્તિનાં આંતરડાંને ઢીલાં કરી નાખે છે. રેચક પદાર્થોનો લાંબા સમય સુધી ઉપયોગ હાનિકારક નીવડવાનો જ છે. આ સિવાય જો તમારી પ્રકૃતિને આ દવાઓ માફક ન આવી તો ચોક્કસ તમને એનાથી નુકસાન થવાનું જ છે. હકીકતે નિષ્ણાતની સલાહ વગર લીધેલી આ દેશી દવાઓ લાંબા ગાળે આંતરડાંને મોટું નુકસાન પહોંચાડતી હોય છે. પાચન સાથે કરવામાં આવતાં આ ચેડાં ભારે પડી શકે છે. શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે દવા ડૉક્ટરને પૂછ્યા વગર જાતે લેવા કરતાં તાંબાને ઉકાળીને પી જવું યોગ્ય છે, કારણ કે એનાથી ગૅરન્ટી છે કે તમારું મૃત્યુ થશે જ. તમને પાચનમાં તકલીફ હોય એમ લાગે તો એક વખત નિષ્ણાતને મળો. તેમની સલાહ મુજબનું અનુસરણ કરો. આજકાલ ઘણા લોકો પાચનને સુધારવા માટે અને મલટીને દૂર કરવા માટે ચરબી અને બાયોડાયજેસટ પદાર્થોનો ઉપયોગ કરે છે. આમાંથી, ચૂર્ણ, રેન્ચક પદાર્થ, અને મીઠું વાળા દવાઓનો વ્યાપક રીતે ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ શાસ્ત્ર અનુસાર, આ પદાર્થો પાચન તંત્રને સુધારવાના બદલે તેની



**શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે દવા ડોક્ટરને પૂછ્યા વગર જાતે લેવા કરતાં તાંબાને ઉકાળીને પી જવું યોગ્ય છે**

સ્થિતિને વધુ બગાડતા હોય છે. ચૂર્ણ અને રેચક પદાર્થો એવા પદાર્થો છે, જે પાચનતંત્ર પર સીધો પ્રભાવ પાડે છે. કેટલાક લોકપ્રિય ચુર્ણમાં ઊંટાળી ચુંદડી, આમલા ચુર્ણ, મીઠો સાકર, અને રીંગણ ચુર્ણ હોય છે. આ પદાર્થો વપરાશકર્તાઓ પાચન સક્ષમતા વધારવા માટે લેતા હોય છે. પરંતુ, શાસ્ત્ર અનુસાર, આ પદાર્થો લાંબા સમય માટે અને વધુ માત્રામાં લેવાના પરિસ્થિતિમાં, પાચન તંત્રમાં અનુકૂળ અસર નહીં થઈ શકે. આ પદાર્થોના વધુ ઉપયોગથી, પેટમાં આંતરદાહ અને મલટીને બગાડવાનો ખતરાપણું હોય છે. શાસ્ત્રમાં ખૂબ સ્પષ્ટ છે કે, ડૉક્ટરની સલાહ વિના કોઈ પણ દવા લેવી ખતરનાક હોઈ શકે છે. દરેક વ્યક્તિના પાચન તંત્રની કાર્યપ્રણાલી અલગ હોય છે, અને કઈક દવાઓ અથવા પદાર્થો દરેક માટે યોગ્ય ન હોઈ શકે. દવા ખાવા માટે શ્રેષ્ઠ માર્ગ એ છે કે તમે ડૉક્ટરથી પરામર્શ કરીને અને તેમની સૂચનાને અનુરૂપ દવાઓનો ઉપયોગ કરો. વિશેષતા, ચૂર્ણ, રોંણના પદાર્થો, અને ઍન્ટાસિડ પદાર્થો લંબાવવાની નિયમિત વિધિ, એવું બીજું સ્વાસ્થ્ય પર અસર કરવા માટે કટોકટી બની શકે છે. આ પદાર્થો સતત ઉપયોગ કરવા છતાં, પાચનમાં ગેસ, ઉધળવું, અને ઍસિડિટી જેવી સમસ્યાઓ વધી શકે છે. તમામ તબીબી વાતોને ધ્યાનમાં રાખીને, એક વૈકલ્પિક અને આરોગ્યપ્રદ ઉપાય તરીકે તાંબા ઉકાળીને પીવું અનેક જૂના શાસ્ત્રો અને આયુર્વેદી દ્રષ્ટિકોણથી ખૂબ જ લાભકારી માનવામાં આવે છે.

# વૃદ્ધાવસ્થામાં કાર્ડિયો એક્સરસાઇઝ કરવી જ જોઈએ

એવા ઘણા લોકો છે જેમણે જીવનમાં એક્સરસાઇઝ કરી જ નથી. તેઓ પણ વૃદ્ધ થાય ત્યારે એક્સરસાઇઝ શરૂ કરે છે અને જો ન કરતા હોય તો કરવી જ જોઈએ કારણ કે જાગ્યા ત્યારથી સવાર સમજીને ચાલુ કરેલી એક્સરસાઇઝ વૃદ્ધાવસ્થામાં ઘણો ફાયદો આપે છે. એક્સરસાઇઝની શરૂઆત કાર્ડિયો એક્સરસાઇઝથી કરી શકાય અને પછી ધીમે-ધીમે આગળ વધી શકાય. જો તમને બીજી કોઈ જ એક્સરસાઇઝમાં રસ ન હોય તો પણ કાર્ડિયો તો કરવી જ. વૉકિંગ, જૉગિંગ, રનિંગ, સ્વિમિંગ, સ્કિપિંગ એટલે કે દોરડા કૂદવા, પગથિયાં ચડવાં, પર્વત ચડવા, સાઈકલ ફેરવવી, કેલેસ્થેનિક્સ એટલે કે પી.ટી.ના દાવ કરવા વગેરે પ્રકારની કસરતોને કાર્ડિયો એક્સરસાઇઝ કહે છે. કોઈ પણ પ્રકારની એક્સરસાઇઝના પોતાના માનસિક ફાયદાઓ તો છે જ પરંતુ કાર્ડિયો એક્સરસાઇઝના ફાયદાઓ ખાસ કરીને વૃદ્ધાવસ્થામાં વધુ થાય છે. મારો અનુભવ કહે છે જે વ્યક્તિએ યુવાવસ્થાથી કાર્ડિયો એક્સરસાઇઝની સાથે-સાથે ફ્રી-હૅન્ડ એક્સરસાઇઝ જેમ કે યોગ કે ફંક્શનલ ટ્રેઈનિંગ કરી હોય તેમને વૃદ્ધાવસ્થામાં પ્રૉબ્લેમ આવતા નથી. ખાસ કરીને મૂવમેન્ટ રિલેટેડ પ્રૉબ્લેમ આવતા નથી. ઘણા લોકો ૮૦-૯૦ વર્ષે પણ પોતાનાં બધાં કામ ખુદ કરી શકે છે અને તેમને કોઈના પર નિર્ભર થઈને જીવવું પડતું નથી. જે એક્સરસાઇઝ થકી ધબકારા વધી જાય જેને લીધે લોહીનું પરિભ્રમણ સારું થાય અને શરીરમાં શ્વસનની પ્રક્રિયા પ્રબળ બને એ એક્સરસાઇઝને જ કાર્ડિયો એક્સરસાઇઝ કહે છે. એનો બેઝિક સિદ્ધાંત જ હાર્ટ અને ફેફસાં સાથે જોડાયેલો છે. આ એક્સરસાઇઝ હાર્ટ અને ફેફસાંની કાર્યક્ષમતા વધારે છે, જે હેલ્ધી જીવન માટે ખૂબ જ જરૂરી છે.એનાથી મસલ્સની ગ્લુકોઝ વાપરવાની ક્ષમતા વધે છે જેથી એ ડાયાબિટીઝના દરદીઓ માટે ખૂબ જ ઉપયોગી છે એનાથી તેમનું શુગર લેવલ એકદમથી વધી કે ઘટી જતું નથી. જ્યારે આપણે વૃદ્ધાવસ્થા અથવા વય વધવા વિશે વિચારો કરીએ છીએ, ત્યારે તેની સાથે જોડાયેલા ઘણા શારીરિક ફેરફારો અને આરોગ્યની ચિંતાઓ આવી શકે છે. પરંતુ આમાંથી એક મહત્વપૂર્ણ બાબત એ છે કે, વૃદ્ધાવસ્થામાં શારીરિક દક્ષતા અને સ્વાસ્થ્ય જાળવવા માટે કાર્ડિયો એક્સરસાઇઝ ખૂબ મહત્વપૂર્ણ છે. આ પ્રકારની એક્સરસાઇઝ, જે હૃદય અને શ્વસનતંત્રને મજબૂત બનાવવામાં મદદ કરે છે, તે વૃદ્ધાવસ્થામાં દરેક વ્યક્તિ માટે લાભદાયક છે. કાર્ડિયો એક્સરસાઇઝ એ એવી શારીરિક પ્રવૃતિઓ છે જે મુખ્યત્વે હૃદય અને ફેફસાંના કાર્ય પર પ્રભાવ પાડે છે. આ પ્રકારની કસરતોમાં આકસ્મિક ઊર્જા સાથે શરીરને વધુ લંબાવવામાં આવે છે, જે મેટાબોલિઝમ અને ખૂણાની કાર્યક્ષમતાને બઢાવે છે. કેટલાક ઉદાહરણો: વૃદ્ધાવસ્થામાં કાર્ડિયો એક્સરસાઇઝના ફાયદા, હૃદય માટે ફાયદાકારક: કાર્ડિયો એક્સરસાઇઝ હૃદયને મજબૂત બનાવે છે, જેમાં લોહીની યોગ્ય સપ્લાય અને ધમનીઓની ફ્લેક્સિબિલિટી સુધરે છે. તે હૃદય રોગોના જોખમને ઓછું કરે છે. વજન નિયંત્રણ: આ પ્રકારની કસરતો ચરબી બર્ન કરીને શરીરના વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ખાસ કરીને વૃદ્ધાવસ્થામાં, મેટાબોલિક રેટ ઘટી જાય છે, પરંતુ કાર્ડિયો એક્સરસાઇઝ આને વધારવામાં મદદરૂપ છે. શારીરિક મજબૂતી: પર્વત ચડવું અને સાઈકલ ચલાવવી જેવા કાર્ડિયો અભ્યાસો જમણા હાથ, પગ અને પીઠની મજબૂતીને પણ વિકસાવે છે. આ કસરતો રોજિંદા જીવનની કાર્યો માટે મજબૂતતા પ્રદાન કરે છે.







**પર્વત ચડવા, સાઇકલ ફેરવવી, કેલેસ્થેનિક્સ એટલે કે પી.ટી.ના દાવ કરવા વગેરે પ્રકારની કસરતોને કાર્ડિયો એક્સરસાઇઝ કહે છે**

## તંત્રી લેખ...

# ભારતીય વિદેશ મંત્રીની સુરક્ષામાં થયેલ ચૂક સામાન્ય ઘટના નથી

ભારતીય વિદેશ મંત્રી એસ.જયશંકરની સુરક્ષામાં થયેલ ચૂક કઈ સામાન્ય ઘટના નથી અને એના પર ભારતીય વિદેશ મંત્રાલયે ગંભીરતાથી પગલાં ભરવાં જોઈએ. લંડનમાં કોઈ અલગતાવાદી ભારતીય વિદેશ મંત્રીની આટલી નજીક પહોંચી જાય તે ચિંતાજનક છે અને આ બ્રિટિશ પોલીસની લાપરવાહી છે. ભારત વિરોધી અલગતાવાદીએ બધા સામે તિરંગાનું અપમાન કર્યું છે. બ્રિટિશ પોલીસે સચેત રહેવું જોઈતું હતું કે એસ.જયશંકર પાસે કોઈપણ આવાં તત્ત્વો પહોંચી ન જાય. આ એક ગંભીર વાત છે કે બ્રિટિશ પોલીસે આવાં તત્ત્વોને પોતાના ઝંડા સાથે બેઠક સ્થળ પાસે જ પ્રદર્શન કરવા દીધું. શું ભારત પોતાની સુરક્ષા પ્રત્યે કંઈક વધારે જ ઉદારવાદી વલણ અપનાવી રહ્યું છે? જો એવું કોઈ વિદેશ મંત્રી સાથે ભારતમાં તયું હોત તો શી પ્રતિક્રિયાઓ આવતી? શું ભારત પોતાના કોઈ મહેમાનની યાત્રા દરમ્યાન તેના વિરુદ્ધ પ્રદર્શનની મંજૂરી આપે છે? શું બ્રિટન એ નથી જાણતું કે ભારતમાં આ અલગાતાવાદ કયા સ્તરે પહોંચી ગયો હતો અને કેટલી કુરબાનીઓ બાદ અહીં શાંતિ સ્થપાઈ હતી? એ વાત છૂપી નથી કે આવા અલગતાવાદીઓને કારણે જ ભારત અને કેનેડા વચ્ચે તણાવ છે અને બ્રિટન પણ આ તણાવને વધતાં રોકવા માટે કંઈ ખાસ નથી કરી રહ્યું. જો બ્રિટિશ સુરક્ષા વ્યવસ્થાના અધિકારી સચેત રહેતા ત તે ભારતીય વિદેશ મંત્રી સામે થયેલા પ્રદર્શનને રોકી શકતા હતા. શું બ્રિટિશ અધિકારીઓને એટલી નથી.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના નવસારીમાં વિકાસ કાર્યોનો શુભારંભ કરાવ્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના નવસારીમાં વિવિધ વિકાસ કાર્યોનો શુભારંભ કરાવ્યો. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સભાને સંબોધતા, તેમણે મોટી સંખ્યામાં ઉપસ્થિત માતાઓ, બહેનો અને પુત્રીઓ તરફથી મળેલા પ્રેમ, સ્નેહ અને આશીર્વાદ બદલ આભાર વ્યક્ત કર્યો, અને આ ખાસ દિવસે દેશની તમામ મહિલાઓને શુભકામનાઓ પાઠવી. તેમણે ઉમેર્યું કે મહાકુંભમાં મા ગંગાના આશીર્વાદ મળ્યા હતા જ્યારે આજે માતૃશક્તિના મહાકુંભમાં પણ તેમને આશીર્વાદ મળ્યા હતા. પ્રધાનમંત્રીએ આજે ગુજરાતમાં બે યોજનાઓ, જી-સફલ (આજીવિકા વધારવા માટે અંત્યોદય પરિવારો માટે ગુજરાત યોજના) અને જી-મૈત્રી (ગ્રામીણ આવકમાં પરિવર્તન માટે ગુજરાત માર્ગદર્શન અને પ્રવેગકતા) ના લોન્ચ પર પ્રકાશ પાડ્યો. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે વિવિધ યોજનાઓમાંથી ભંડોળ સીધા મહિલાઓના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યું છે અને આ સિદ્ધિ માટે દરેકને અભિનંદન આપ્યા. શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો કે આજનો દિવસ મહિલાઓને સમર્પિત છે અને બધા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને ગર્વથી જણાવ્યું કે તેઓ પોતાને દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ માને છે, પૈસાની દ્રષ્ટિએ નહીં, પરંતુ કરોડો માતાઓ, બહેનો અને પુત્રીઓના આશીર્વાદને કારણે. ''આ આશીર્વાદ મારી સૌથી મોટી શક્તિ, મૂડી અને રક્ષણાત્મક કવચ છે'', તેમણે ભારપૂર્વક જણાવ્યું. સમાજ અને રાષ્ટ્રના વિકાસ તરફનું પ્રથમ પગલું હોવાથી મહિલાઓનું સન્માન કરવાના મહત્વ પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે, ''ભારત હવે દેશની ઝડપી પ્રગતિ માટે મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસના માર્ગે ચાલી રહ્યું છે''. તેમણે ટિપ્પણી કરી કે સરકાર મહિલાઓના જીવનમાં સન્માન અને સુવિધા બંનેને પ્રાથમિકતા આપે છે. તેમણે કરોડો મહિલાઓ માટે શૌચાલયોના નિર્માણનો ઉલ્લેખ કર્યો, જેને 'ઇજ્જત ઘર' અથવા 'ગૌરવનું ઘર' તરીકે પણ ઓળખવામાં આવે છે, જેનાથી તેમનું ગૌરવ વધ્યું છે, અને કરોડો મહિલાઓ માટે બેંક ખાતા ખોલીને તેમને બેંકિંગ સિસ્ટમમાં સમાવિષ્ટ કર્યા છે. તેમણે મહિલાઓને ધુમાડાની મુશ્કેલીઓથી બચાવવા માટે ઉજ્જવલા સિલિન્ડરની જોગવાઈ પર પણ પ્રકાશ પાડ્યો. શ્રી મોદીએ નોંધ્યું કે સરકારે કામ કરતી મહિલાઓ માટે પ્રસૂતિ રજા ૧૨ અઠવાડિયાથી વધારીને ૨૬ અઠવાડિયા કરી છે. તેમણે મુસ્લિમ બહેનોની ટ્રિપલ તલાક સામે કાયદાની માંગણીને સ્વીકારી અને જણાવ્યું કે સરકારે લાખો મુસ્લિમ બહેનોના જીવનની સુરક્ષા માટે કડક કાયદો ઘડ્યો છે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ અમલમાં હતી, ત્યારે મહિલાઓ ઘણા અધિકારોથી વંચિત હતી. જો તેઓ રાજ્યની બહાર કોઈ સાથે લગ્ન કરે, તો તેઓ પૂર્વજોની મિલકતનો અધિકાર ગુમાવી દેતા હતા અને કલમ ૩૭૦ દૂર થવાથી, જમ્મુ અને કાશ્મીરમાં મહિલાઓને હવે તેમના અધિકારો મળ્યા છે. સમાજ, સરકાર અને મોટી સંસ્થાઓના વિવિધ સ્તરોમાં મહિલાઓ માટે વધતી તકો પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી કે, ''રાજકારણ, રમતગમત, ન્યાયતંત્ર કે પોલીસ, દરેક ક્ષેત્રમાં મહિલાઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહી છે''. તેમણે નોંધ્યું કે ૨૦૧૪ થી, મહત્વપૂર્ણ હોદ્દાઓ પર મહિલાઓની ભાગીદારી નોંધપાત્ર રીતે વધી છે, તેમણે ઉલ્લેખ કર્યો કે કેન્દ્ર સરકારે સૌથી વધુ મહિલા મંત્રીઓ જોયા છે અને સંસદમાં પણ મહિલાઓની હાજરી વધી છે. ૨૦૧૯ માં, ૭૮ મહિલા સાંસદો ચૂંટાયા હતા, અને ૧૮મી લોકસભામાં, ૭૪ મહિલા સાંસદો ગૃહનો ભાગ છે, એમ તેમણે ઉમેર્યું. ન્યાયતંત્રમાં મહિલાઓની વધતી ભાગીદારી પર ભાર મૂકતા, જિલ્લા અદાલતોમાં તેમની હાજરી ૩૫% થી વધુ છે. ઘણા રાજ્યોમાં, સિવિલ જજ તરીકે નવા ભરતીઓમાં ૫૦% થી વધુ મહિલાઓ છે, શ્રી મોદીએ ભાર મૂક્યો, ''ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે, જેમાં લગભગ અડધા સ્ટાર્ટઅપ્સમાં નેતૃત્વની ભૂમિકાઓમાં મહિલાઓ છે''. તેમણે મુખ્ય અવકાશ મિશનનું નેતૃત્વ કરતી મહિલા વૈજ્ઞાનિકોના નોંધપાત્ર યોગદાનનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે એ હકીકત પર ગર્વ વ્યક્ત કર્યો કે ભારતમાં વિશ્વમાં સૌથી વધુ મહિલા પાઈલટ છે. તેમણે નવસારીમાં કાર્યક્રમના આયોજન અને સુરક્ષામાં મહિલાઓની ભૂમિકાનો પણ સ્વીકાર કર્યો, જેમાં મહિલા પોલીસ અધિકારીઓ અને અધિકારીઓ સુરક્ષા વ્યવસ્થાનું સંચાલન કરી રહ્યા હતા. પ્રધાનમંત્રીએ સ્વ-સહાય જૂથોની મહિલાઓ સાથેની તેમની અગાઉની વાતચીત શેર કરી, તેમના ઉત્સાહ અને આત્મવિશ્વાસને ભારતની મહિલાઓની શક્તિના પુરાવા તરીકે નોંધ્યો. તેમણે તેમના વિશ્વાસનો પુનરોચ્ચાર કર્યો કે વિકાસ ભારત માટેનો સંકલ્પ પૂર્ણ થશે, જેમાં મહિલાઓ આ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુજરાતને મહિલાઓના નેતૃત્વ હેઠળના વિકાસનું ઉત્તમ ઉદાહરણ ગણાવતા, જેણે દેશને મહિલાઓની મહેનત અને શક્તિ દ્વારા વિકસિત સફળ સહકારી મોડેલ પૂરું પાડ્યું છે.

**અત્યારે સ્ત્રી શબ્દ સાંભળતા જ સૌથી પહેલો જો કોઈ ચહેરો નજર સામે આવે તો એ મા છે, એણે જ તો જીવનમાં બધા રંગ ભર્યા હતા**

# આજની મહિલાએ વિચારવા જેવો પ્રશ્ન! કે હું મારી માતા જેમ જીવી શકીશ?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દરેક બાળકી, કિશોરી, યુવતી, સ્ત્રી, નારી મહિલા, આમ એ એક પછી એક અવસ્થા પાર કરતાં મહિલા સુધી પહોંચે છે, બાળકી, કિશોરી, અને યુવતી સ્વરૂપે પિતાને ઘેર જે રીતે ઉછરી હોય, એ તમામ લાડકોડ છોડીને પતિના ગૃહે આવે છે, હવે તે એક નવા પરિવારને પોતાનો બનાવવા કટિબદ્ધ થાય છે, અહી તે પત્નીની સાથે સાથે અન્ય સંબંધ નિભાવતી માતા સુધી પહોંચે છે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ૮ માર્ચ આવે છે અને એ દિવસને પૂરાં વિશ્વમાં મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તો આ વખતે મંગળવારે ચિંતનમાં મા, મમ્મી, મોમ કે બા જે કહેતા હોઈએ એની વિશે જરા વિચારીને એને પણ થોડું માન આપીએ. નાના હતાં ત્યારે તો સ્ત્રી, નારી, મહિલા,એ શક્તિ અવતાર છે, અને એવા ભારેખમ શબ્દો ફક્ત કાર્યક્રમોમાં માં જ સાંભળ્યા હતાં. હા ઘરમાં જ બે મહિલા એટલે મમ્મી અને દાદી હતાં, પણ એને જ મહિલા કહેવાય! એવી ખબર ક્યાં પડતી હતી! અને પડવાં લાગી ત્યારે એમ થયું કે, એમનાં આટલાં મોટાં સમર્પણનો બદલો આપણે કે ઘર પરિવાર એ તો કોઈ દિવસ ચૂકવ્યો જ નથી. એમ સમજો ને લગભગ લગ્ન સુધી આ બાબત કાયમ બાળક બુદ્ધિ જ રહી! સહજ વાત કરીએ તો મા એટલે મા, તે એક સ્ત્રી છે, નારી છે, કે મહિલા છે, તેવી તો ત્યારે ખબર જ ક્યાં હતી,અને અત્યારે સ્ત્રી શબ્દ સાંભળતા જ સૌથી પહેલો જો કોઈ ચહેરો નજર સામે આવે તો એ મા છે, એણે જ તો જીવનમાં બધા રંગ ભર્યા હતા. ક્યાં દુર નજર ફેકવી, અમારે માટે તો એ જ દેવી, એ જ નારી, એ જ મહિલા, અને એ જ ઈશ્વર. મા.. શબ્દ સાંભળતા જ નજર સામે જે ચહેરો આવે છે તે ઈશ્વરથી જરાય કમ નથી, અને હવે તો આમ પણ તેને ફોટામાં જ જોવાની છે. ખરેખર આજના આ યુગ જેવો તે યુગ નહતો, આટલી આધુનિકતા ત્યારે દરેક પરિવારોમાં પ્રવેશી નહોતી! અને સ્ત્રી કે મા તે કોઈ આદર્શની મોહતાજ નહોતી. એટલે કે એટલાં માન સન્માનની અધિકારી ચોક્કસ હતી પણ તો જ કામ થશે! એવી કોઈ શરત નહોતી. તેના માટે તેનો ઘર-પરિવાર એ જ સર્વસ્વ હતું. આજે આપણી માટે પણ પરિવાર જ મહત્વનો છે,પણ દરેક સ્ત્રી પોતે કબૂલ કરશે કે, તેની મા કરતા તેને ઓછુ સહન કરવું પડ્યું છે. આપણે દિકરી, યુવતી, બધાજ કિરદાર બખૂબી નિભાવ્યા, પણ જ્યારે આ મુકામ આવ્યો, ત્યારે સૌથી વધુ દરેક જણને, એક વાર એ સ્ત્રીને નમન કે વંદન કરવાનો વિચાર આવ્યો હશે! કારણ બધા જ જાણીએ છીએ કે, શું મમતાની એ મૂર્તિ જેવા આપણે થઈ શકીશું? એ પ્રશ્નાર્થ તો થશે જ. તો આપણી જન્મદાત્રી મમતાની મૂર્તિને એટલે કે મા ને આ મહિલા દિવસ નિમિત્તે કોટી કોટી વંદન. નાના હતા ત્યારે, હું જે શબ્દો સાંભળતો હતો, જેમ કે ''સ્ત્રી'' ''નારી'' ''મહિલા'' એ બધું એ જ શક્તિ છે, એ સંકલ્પમાં સાંભળતો હતો. મમ્મી અને દાદી એ બંનેમાં એક સ્ત્રીના અનેક રૂપો હતા, પરંતુ ક્યારેય એ ખરેખર સમજાયું નહોતું કે માતા એટલે ''સ્ત્રી'' ''નારી'' અને ''મહિલા'' હોય છે. પરંતુ જ્યારે મોટા થયા અને જીવનના દરેક મોહક પરીણામોને અનુભવ્યો, ત્યારે એ સમજણ બદલાઈ ગઈ. માતા, જેનો પ્રથમ પરિચય બાળકને થાય છે, એ જ જીવનની શ્રેષ્ઠ અને મમતા ભરેલી સ્ત્રી છે. માતાનું પ્રેમ અને સમર્પણ એ કોઈ પણ ધર્મ, સંસ્કૃતિ, અથવા સમાજમાં સૌથી પવિત્ર અને પ્રખર છે. એ મા જ છે, જે બાળકના જીવનનો અભ્યાસ, તેમાંથી પ્રેરણા, અને સાચો માર્ગદર્શન આપે છે. તે કેવળ બાળકીથી સ્ત્રી અને પછી માતાની યાત્રા પાર કરતી હોય છે. દરેક બાળકી, કિશોરી, યુવતી, સ્ત્રી, નારી મહિલા, આમ એ એક પછી એક અવસ્થા પાર કરતાં મહિલા સુધી પહોંચે છે. બાળકી, કિશોરી,અને યુવતી સ્વરૂપે પિતાને ઘેર જે રીતે ઉછરી હોય, એ તમામ લાડકોડ છોડીને પતિના ગૃહે આવે છે, હવે તે એક નવા પરિવારને પોતાનો બનાવવા કટિબદ્ધ થાય છે. અહી તે પત્નીની સાથે સાથે અન્ય સંબંધ નિભાવતી માતા સુધી પહોંચે છે. આપણી માતા એ પણ એ જ રીતે બાળકી માંથી માતા કે મહિલા સુધીની સફર તય કરી હતી! અને આજે વિચારીએ તો આપણે પણ એ બધાં કિરદાર નિભાવીને આ મુકામ પર પહોંચ્યા છીએ, હવે સમયનો બદલાવ કહો કે સમયની માંગ! પણ આપણને એ કિરદાર નિભાવવા માટે લાડ મળ્યા! અને એને સજ્ઞી ! એ વખતનો સમય કિશોરી કે યુવતી માટે બહુ પ્રતિબંધિત હતો! સારો હતો કે ખરાબ એમાં આપણે જવું નથી, પણ એટલે એ સમયની મહિલા ને ક્યારેય સ્વતંત્ર પણે જીવવાનો મોકો મળ્યો નથી, એટલું તો કબુલવું પડે! શું પહેરવું? શું ખાવું? શું પીવું અને ક્યારે ઉઠવું? ક્યારે સુવું? કોની સાથે બોલવું? કોની સાથે બહાર જવું? કોણ ઘરે આવી શકે? આ બધાં જ નિર્ણય લગ્ન પહેલા પિતા કરતાં, લગ્ન પછી પતિ અને પછી પુત્ર! એટલે એમ ચોક્કસ પણે કબુલવું પડે કે આપણે એ રીતે નસીબદાર છીએ. પણ એને સમર્પણ કહેવું કે પછી સમાધાન કર્યું એમ કહેવું વધારે યોગ્ય છે?? એ પ્રશ્નાર્થ પણ યથાર્થ છે. આજના સમયમાં, જ્યારે મહિલા સશક્તિકરણની વાત થાય છે, ત્યારે ઘણા સ્ત્રીઓ આ ખૂબી ધરાવતી છે. પરંતુ, દરેક સ્ત્રીમાં જે મમતા, સંયમ, અને સહનશક્તિ છે તે એના સમર્પણમાં છુપાયેલી છે. હવે, વધુ સ્ત્રીઓ સ્વતંત્ર છે, પણ તેમ છતાં તેમને પોતાના જીવનમાં જે દરેક વ્યક્તિ સાથે સંકળાવાની અને સંબંધ નિભાવવાની તક છે, તે મહત્ત્વપૂર્ણ છે. જો સમાધાન હોય તો શું આપણે એ કરી શકીશું? પણ મા તો મા! છતાં એ સમયને યાદ કરીએ! બાળકનો સૌથી પહેલો પરિચય તેની માતા સાથે થાય છે, અને સૌ કોઈ જાણે છે કે કોઈ માતાથી વધારે મમતાનો સંબંધ કોઈ નિભાવી શકતું નથી. દુનિયામાં બાળકથી વધારે તેને માટે કોઈ મૂલ્યવાન સંપત્તિ હોતી નથી,. લગભગ દરેક માતા પોતાના સંતાનો માટે જ જીવતી હોય છે, અને આ કોઈ નવું સત્ય તો છે નહી! પણ હાં! આજકાલ હવે સંતાન બંધન છે એવું સમજી ઘણા કરતાં પણ નથી. પરંતુ માત્ર પુરુષોની વાત માનવી એવું નહોતું, અને એમ ક્યારેક અન્યાય થતો દીકરા દીકરીનો ભેદ થતો! કે પછી વિચોરોના વૈમનસ્ય ને કારણે પૂર્વગ્રહ પણ મહત્વની ભૂમિકા ભજવતો! એ પરથી કહી શકાય કે ત્યારે સશક્તિકરણની ખોટ હતી, જોકે આજે પણ સશક્તિકરણની ખોટ છે જ! અને એટલે જ સંયુક્ત કુટુંબ તૂટે છે. એક ઘરમાં પાંચ સ્ત્રી શક્તિ, એટલે કે બે દીકરી એક પુત્રવધુ એક સાસુ અને એક અન્ય, એમ જીવતી હોય તો પાંચે પાંચ એક થાય તો કોઈ તેની વાત કાપી શકે નહીં. પરંતુ અંદરોઅંદરના મતભેદ અને મનભેદ, કે કહેવાતા આદર્શોને ને નિભાવી શકી નહીં, એ કારણે અંદરોઅંદર ના નાના મોટા ઝઘડા થતાં હોવાથી, આ શક્તિ સ્ત્રોત પોતાનું ધાર્યું કામ ન કરાવી શકે.જો મહિલા ઈચ્છતી હોય કે સમાજનો એક વ્યક્તિ તેને માન આપે, તો સૌપ્રથમ દરેક મહિલાઓએ આ બાબત પર પહેલા એક થવું પડશે! એટલે કે સાસુએ પોતાનો પુત્ર અને અન્ય એની પુત્રવધૂ ને માન આપવું જોઈએ એ વાત સહજ સ્વીકારી લેવી જોઈએ અને ન અપાતું હોય ત્યાં કડક થવું જોઈએ. સમયની માંગ કહો કે શિક્ષણ નો વ્યાપ કહો એને કારણે આજની સ્ત્રીઓ હવે ઘણી હદે સ્વતંત્ર થઈ ચૂકી છે! પણ જે માન સન્માનની અધિકારી એ પોતાને સમજે છે, એ જ માન એણે પોતાના પરિવારની મુખ્ય મહિલા ને આપવું ઘટે! તદ ઉપરાંત એણે પણ પોતાના જીવનમાં કરેલા સમાધાન કે સમર્પણને બિરદાવવા આગળ આવવું પડશે અને અત્યારના સમયમાં જે કંઈ આપી શકાય એવું સુખ આપવા કોશિશ કરવી જોઈએ, તો જ સશક્તિકરણ થશે, અને તો જ પરિવારમાં અને સમાજમાં એને સાચું માન સન્માન મળશે!: તો આપણે તો દરેક મહિલા પોતાના અસ્તિત્વના સાચા અર્થને સમજી સ્ત્રી ની ગરિમા વધે એવું જીવવા કટિબદ્ધ થાય એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.



**ચાલો આપણે દરેક સવારને પવિત્ર અને પ્રેરણાદાયી બનાવીએ એ ભાવનાઓના જતન, સંરક્ષણ અને સમૃદ્ધિ માટે**

# જે જીવન પોતાના વડીલોને માન આપતા શીખે છે તે જ જીવન સમાજ સમક્ષ હંમેશા પૂજનીય અને અનુકરણીય બની શકે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**હથોડીના હજારો મારમારી પથ્થરને પ્રતિમાનો આકાર આપે છે, એ જ રીતે વડીલોનું જીવન શ્રેષ્ઠતા અને દિવ્યતા આપે છે, જે જીવન પોતાના વડીલોને માન આપતા શીખે છે તે જ જીવન સમાજ સમક્ષ હંમેશા પૂજનીય અને અનુકરણીય બની શકે છે, આપણા વડીલોની કડવી વાતો જીવનમાં એ લીમડાના પાન જેવી છે.**

ગત આઠમી માર્ચે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી ત્યારે એક શિક્ષિત માતા સો શિક્ષકની ગરજ સારે છેત્યારે આ જ વાતને આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન દ્વારા સમજવા પ્રયત્ન કરીએ તો શિસ્તબદ્ધ જીવન હંમેશા આદર્શ જીવન છે. માતાપિતા દ્વારા ઠપકો આપેલો પુત્ર, શિક્ષક દ્વારા ઠપકો આપેલો શિષ્ય અને સુવર્ણકાર દ્વારા હથોડી મારેલું સોનું હંમેશા ઘરેણાં બની જાય છે. હુમલાઓ પણ જીવનમાં સુધારનું કારણ બને છે. પથ્થરોને મૂર્તિઓમાં રૂપાંતરિત કરી શકાતા નથી સિવાય કે તેને સારી રીતે હથોડી અને છીણી ન કરવામાં આવે. હથોડીના હજારો મારમારી પથ્થરને પ્રતિમાનો આકાર આપે છે. એ જ રીતે વડીલોનું જીવન શ્રેષ્ઠતા અને દિવ્યતા આપે છે. જે જીવન પોતાના વડીલોને માન આપતા શીખે છે તે જ જીવન સમાજ સમક્ષ હંમેશા પૂજનીય અને અનુકરણીય બની શકે છે. આપણા વડીલોની કડવી વાતો જીવનમાં એ લીમડાના પાન જેવી છે, જે બેશક કડવા હશે પણ સ્વાસ્થ્ય માટે ઔષધ તરીકે કામ કરશે નહિ તો જીવન માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. લીમડા ની વાત આવી છે ત્યારે ચૈત્ર નવરાત્રિના શુભ દિવસો ચાલી રહયા છે આપણે ચૈત્ર માસમાં અલુણું ખાવાનું મહત્ત્વ છે એમ ચૈત્ર માસમાં લીમડાના મોર (ફૂલ)નું જ્યુસ બનાવી ત્રણ સાત દિવસ પીવાથી આખું વર્ષ નિરોગી બની રહે છે. શરીરની તાસીર પ્રમાણે લીમડાના મોર ફૂલનું જ્યુસ બનાવી સેવન કરવું જોઈએ. આજે ચિંતન મનનમાં એક કથા જીવન માટે પ્રેરણાદાયી અને ઉપયોગી છે જે સંતોએ શાસ્ત્રો દ્વારા અને મહા પુરુષોએ પોતાના જીવન સંદેશો દ્વારા વિશ્વને સંદેશો આપ્યો છે. એ લાગણી છે અને એ જ માનવતાને જીવંત રાખવાનો અભિગમ છે. ચાલો આપણે દરેક સવારને પવિત્ર અને પ્રેરણાદાયી બનાવીએ એ ભાવનાઓના જતન, સંરક્ષણ અને સમૃદ્ધિ માટે. એક સજ્જન હતા. અમે રેલવે સ્ટેશન પર અમારી ટ્રેન આવવાની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ આજે તેની ટ્રેન મોડી ચાલી રહી હતી. તે સમયે એક છોકરો તેની પાસે આવ્યો. સજ્જન સાથે નમ્રતાથી વાત કરી રહ્યા હતા. સર, શું તમે તમારા બુટ પોલીસ્ડ કરાવવા માંગો છો? સજ્જને છોકરાને ના પાડી.પંદર મિનિટ પછી તે છોકરો ફરીથી પેલા સજ્જન પાસે આવ્યો અને આરઝૂ સાહેબજીને નમ્રતાથી કહ્યું, મહેરબાની કરીને તમારા બૂટની પોલીસ કરાવો,આ ગરીબ ને મદદ કરશે અને તમારા બૂટ ચમકશે. આ વખતે જ્યારે સજ્જનની નજર તે બાળક પર પડી ત્યારે તેણે વિચાર્યું કે આ બાળક ગરીબ છે,તો મારે તેની પાસે પોલિશ કરાવવી જોઈએ.એમ વિચારીને તેણે પોતાના બૂટ બાળકની સામે મૂક્યા અને કહ્યું,'આ બૂટ સારી પોલિશ કરી ચમકવા દે હા સાહેબ કહેતા છોકરાએ પોલિશ ચાલુ કરી. પરંતુ બાળકની યોગ્ય રીતે પોલિશ કરી શકાઈ ન હતી. બુટ જોઈએ તેવો ચમકતો ન હતો. સજ્જન છોકરાને કહેવા લાગ્યા કે જો તું પોલિશ બરાબર નથી ચલાવી શકતો તો બીજાનો સમય કેમ બગાડે છે.બહાર જાઓ, પૈસા મફતમાં આવતા નથી. જો તમે ઉપરથી નીચે સુધી પર સેવો પાડો છો, તો તમને પૈસા મળે છે. જ્યારે છોકરો અવાચક ઊભો હતો,ત્યારે તેનો એક મિત્ર, એક પોલીસ અધિકારી, સજ્જન પાસે આવ્યો અને કહ્યું,''મને તમારા બટને સખત ચમકવા દો, સાહેબ. ''સજ્જને ખુશીથી તેણીને તેના બુટ પોલિશ કરવા કહ્યું. તેણે સંપૂર્ણ સમર્પણ સાથે પોલીસ બંદોબસ્ત કર્યો. વાસ્તવિકતા આ રીતે ચમકતી હતી, ખબર નહીં, તમે આજે જ દુકાન માંથી ખરીદી કરી હશે.તેની મહેનતના પૈસા બીજા છોકરાને આપતાં તે સજ્જન ખુશ થયા અને બોલ્યા વાહ! તમારા જેવા કોઈની જરૂર હતી.બીજો છોકરો પૈસા લઈને એ જ જગ્યાએ બેસી ને બીમાર પડ્યો તેના ભાગીદારને અમાન્ય આપ્યું. સજ્જન અવાચક રહી ગયા - બંને જતા રહ્યા ત્યારે સજ્જને બીજા છોકરાને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું, તમે મહેનત કરીને પૈસા પહેલા છોકરાને આપ્યા તમે આવું કેમ કર્યું?''પછી મારા પહેલાના મિત્રથી થોડુ અંતર બનાવીને મેં પેલા સજ્જનને કહ્યું, સાહેબ, તમને શું કહું, મારો આ જ મિત્ર છ મહિના પહેલા ટ્રેન માંથી પડી ગયો હતો. તેના બંને હાથ અને પગ ભાંગી ગયા હતા. ભગવાનની કૃપાથી તે બચી ગયો. અમે(બુટચપ્પલ) પોલીસસાથીઓ તેને હોસ્પિટલમાં દાખલ કર્યો. જ્યારે તે સ્વસ્થ થયો ત્યારે અમે તમામ ખર્ચ ઉઠાવ્યો. પછી અમે તેને અમારી સાથે રાખીએ છીએ અને આ રીતે અમે તેને તેના કામ માં મદદ કરીએ છીએ. સાહેબ, તે ખૂબ જ સ્વાભિમાની છોકરો છે અને કોઈ પણ વસ્તુને ગ્રાન્ટેડ નથી લેતો. તેના પરિવારમાં તેના પિતા નથી. માતા વૃદ્ધ છે અને તે ત્રણ બહેનોનો મોટો ભાઈ છે. અમે બધાએ તેને આરામ કરવાનું કહ્યું તેમ છતાં, આત્મ નિર્ભર અને સ્વાભિમાની હોવાને કારણે, એકપણ આપણુંસાંભળતું નથી. પછી અમારા બુટ ચંપલ એસોસિએશનના મુખ્ય અને તેના સાથીદારો મહિનાના એક દિવસ ની કમાણી તે સાથી પરિવારના ઘરે મોકલે છે અને આ રીતે પરિવારનું ભરણ પોષણ થાય છે. અમારા એસોસિએશનના વડા દર મહિને એક મીટિંગ કરે છે અને તેમાં તે અમને માનવતાને જીવંત રાખવા માટે પ્રેરણાદાયી વાતો કહે છે. અમે બધા તેને અનુસરીએ છીએ. આટલું કહીને જ્યારે બીજો પોલીસ જવાન જવા લાગ્યો ત્યારે તેણે ફરી પાછો ફોન કર્યો અને બીમાર છોકરાના પરિવારને થોડા પૈસા આપ્યા અને વધુ મદદ કરવાની વાત પણ કરી.એક ટૂંકી વાર્તા છે કે એક જૂતા-ચપ્પલ પોલીસ મંડળ પણ લાચારને મદદ કરે છે. જો આપણે જરૂરિયાત મંદો માટે કંઈક કરી શકીએ છીએ તો આપણે જ્યાં પણ હોઈએ ત્યાં પણ કરી શકીએ છીએ શું આપણે વ્યક્તિઓને થોડી મદદ ન કરી શકીએ?કોઈએ સાચું જ કહ્યું છે-એ વાત બાજુ પર રાખો, બીજી વાત એ છે કે જરૂરિયાત મંદ લાચાર અને વંચિતલોકોને તન મન અને ધનથી નિ:સ્વાર્થ મદદ કરવીએ ભગવાનની ભક્તિ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ફાગણ સુદ અગિયારસ ગોવિંદ દ્વાદશી આમળાં એકાદશી છે ત્યારે શુભકામનાઓ સહ અસ્તુ.



### વિસ્ફોટક બેટ્સમેન ફિલ્મમાં મચાવશે ધમાલ

# અલ્લુ અર્જુનનો ફેન-દિગ્ગજ ક્રિકેટર ડેવિડ વોર્નર ફિલ્મોમાં ડેબ્યૂ કરશે

ઓસ્ટ્રેલિયાનો સ્ટાર ખેલાડી ડેવિડ વોર્નર આ વખતે IPLમાં જોવા મળશે નહીં. વોર્નર આઈપીએલ ઈતિહાસના મહાન ખેલાડીઓમાંથી એક છે. તે ભલે આ ટૂર્નામેન્ટમાં જોવા ન મળે, પરંતુ તે પોતાને ભારતથી દૂર રાખી શક્યો નથી. વોર્નર ભારતીય સિનેમાનો મોટો ફેન્સ છે અને તે ટૂંક સમયમાં અહીં ફિલ્મોમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. વોર્નર સુપરસ્ટાર અલ્લુ અર્જુનનો મોટો ફેન છે. બુટ્ટા બોમ્મા ગીત પર આ ઓસ્ટ્રેલિયન દિગ્ગજના ડાન્સને કોઈ ભૂલી શક્યું નથી. વોર્નર બાહુબલી અને RRR ડિરેક્ટર એસએસ રાજામૌલી સાથે એક જાહેરાતમાં પણ જોવા મળ્યો હતો. વોર્નરે દિગ્દર્શક વેંકી કુદુમુલાની આગામી તેલુગુ એક્શન એન્ટરટેનર ‘રોબિન હૂડ’માં એક નાનકડો રોલ કર્યો છે, જેમાં અભિનેતા નીતિન મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મના નિર્માતાઓમાંના એક વાય રવિશંકરે આ વાતનો ખુલાસો કર્યો છે. જી.વી. પ્રકાશની મુખ્ય ભૂમિકાવાળી ફિલ્મ કિંગ્સ્ટનના પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન એક્કરે નિર્માતાને તેની ફિલ્મ રોબિનહૂડ વિશે અપડેટ માટે પૂછ્યું.





આના જવાબમાં રવિશંકરે કહ્યું કે, ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નરે ફિલ્મમાં કેમિયો કર્યો છે. નિર્માતાએ તરત જ ડિરેક્ટર વેંકી કુદુમુલાની તેમની પરવાનગી વિના માહિતી જાહેર કરવા બદલ માફી માંગી. તેમણે કહ્યું કે, ‘‘અમે ડેવિડ વોર્નરને ‘રોબિન હૂડ’ સાથે ભારતીય સિનેમામાં લોન્ચ કરીને ખૂબ જ ખુશ છીએ.’’ સનરાઈઝર્સ હૈદરાબાદ સાથેના જોડાવાને કારણે તેલુગુ રાજ્યોમાં ફેન્સના વોર્નરે ઘણીવાર તેલુગુ સિનેમાની પ્રશંસા કરી છે. વૈકુંઠપુરરામુલુ અને પુષ્પા પર ડાન્સ કરતા વોર્નરના વાયરલ ઈન્સ્ટાગ્રામ રીલ્સે તેની લોકપ્રિયતાને વધુ મજબૂત બનાવી છે. વોર્નરે સપ્ટેમ્બર ૨૦૨૪માં ફિલ્મના ઓસ્ટ્રેલિયા શેડ્યૂલ દરમિયાન તેના કેમિયો માટે શૂટિંગ કર્યું હોવાનું કહેવાય છે. રોબિન હૂડ શરૂઆતમાં ૨૫ ડિસેમ્બરે રિલીઝ થવાની હતી, પરંતુ ફિલ્મને અણધાર્યા વિલંબનો સામનો કરવો પડ્યો. હવે તે ૨૮ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં શ્રીલીલા લીડ રોલમાં છે. તે પુષ્પા ૨ માં ‘કિસિક’ ગીતમાં જોવા મળી હતી.

### મનિષ મલ્હોત્રા માટે મુમતાઝ શો સ્ટોપર રહ્યાં

# મુમતાઝનું ૭૭ વર્ષે ફેશન રેમ્પ પર ડેબ્યુ

## તેમણે નેકલેસ, હિલ્સ, રિંગ્ઝ, અને ઇઅરિંગ્ઝ બધું જ ચમકતું પહેર્યું હતું

જાણીતા ફેશન ડિઝાઈનર મનિષ મલ્હોત્રાએ પોતાનું નવું કલેક્શન લોંચ કર્યુ હતું. જેમાં રેટ્રો સ્ટાઈલના જાણીતા અભિનેત્રી મુમતાઝ ઓ ફેશન શોના શો સ્ટોપર રહ્યાં હતાં. સાથે જ તેમણે આ શો સાથે ફેશનની દુનિયામાં ડેબ્યુ પણ કર્યુ હતું. આ શોમાં તેમની સાથે શિલ્પા શેટ્ટી, ઉર્મિલા માતોંડકર અને ખુશી કપૂરે પણ રેમ્પ વૉક કર્યુ હતું. મહત્વની અને રસપ્રદ વાત એ પણ હતી કે લુલિઆ વેન્ટુર દ્વારા સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો. જેમાં ૭૭ વર્ષનાં મુમતાઝને રેખા ચીઅર અપ કરતાં હતાં. આ વૉક પછી મુમતાઝને સ્ટેન્ડિંગ અવેશન પણ મળ્યું હતું. લુલિઆ આ વીડિયો શેર કરતાં કેપ્શમમાં લખ્યું હતું, ‘‘મનીષ મલ્હોત્રા ઈન્ડિયન સિનેમાની ફેશન અને તેના આઈકોન્સ મુમતાઝજી અને રેખાજી સાથે ઉજવણી કરી રહ્યા છે.’’આ શોમાં મુમતાઝે આઈકોનિક બ્લૅક સાડી પહેરી હતી.



શીફોનની આ સાડીમાં બારીક રંગબેરંગી ફ્લોરલ એમ્બ્રોડરી કરવામાં આવી હતી. જેમાં ચમકતાં સિક્વન્સનું પણ કામ કરવામાં આવ્યું હતું. જ્યારે પાલવમાં બોર્ડર સાથે લટકણ લટકાવાયાં હતાં. મનિષે આ સાડી સાથે ફૂલ લેંથ અને ફૂલ સ્લીવ્ઝનું બ્લેક બ્લાઉઝ આપ્યું હતું. જેમાં બ્લેક બીડ્ઝનું કામ કરવામાં આવ્યું હતું. તેમણે રેટ્રો સ્ટાઈલમાં જ હેવી પિંક મેક અપ કર્યો હતો.મુમતાઝ ૭૭ વર્ષે પણ ગોર્જિયસ લાગતાં હતાં. સાથે તેમણે નેકલેસ, હિલ્સ, રિંગ્ઝ, અને ઈઅરિંગ્ઝ બધું જ ચમકતું પહેર્યુ હતું. આ ઈવેન્ટમાં શિલ્પા શેટ્ટી પણ વ્હાઈટ ફ્લોરલ બ્રાસો સાડી સાથે પર્લ ડિઝાઈનનું હોલ્ટર નેક બ્લાઉઝમાં સુંદર લાગતી હતી. તેણે પણ ગ્લોસી મેક અપ અને ન્યૂડ લિપ્સ સાથેનો મેક અપ કર્યો હતો. જ્યારે ઉર્મિલાએ સિલ્ક સાટીનની સાડી સાથે મેચિંગ ટ્રેન્ચ કોટ પહેર્યો હતો. ખુશી કપૂરે આ શોમાં જેન ઝીનું પ્રતિનિધિત્વ કર્યુ હતું, તેણે હાઈ સ્લિટ પ્રી ડ્રેપ્ડ સાડી પહેરી હતી.

# મલયાલમ બ્લોક બસ્ટર ‘માર્કો’ દેશમાં ટીવી પર જોવા મળશે નહીં

## સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફિકેશન દ્વારા આ ફિલ્મનાં ટીવી બ્રોડકાસ્ટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે




થોડાં અઠવાડિયા પહેલાં સુધી સાઉથ ઈન્ડિયન કલાકાર ઉન્ની મુકુંદન ચારે તરફ છવાઈ ગયો હતો. તેની હાઈપર વાયેલન્ટ ફિલ્મ ‘માર્કો’ બ્લોકબસ્ટર હિટ રહી હતી. ત્યારે આ ફિલ્મ નોન થિએટ્રીકલ રાઈટ્સમાં પણ મોટી કમાણી કરશે એવી શક્યતાઓ હતી, પરંતુ હવે આ ફિલ્મ થોડો મુશ્કેલીઓનો સામનો કરી રહી છે, કારણ કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફિકેશન દ્વારા આ ફિલ્મનાં ટીવી બ્રોડકાસ્ટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, કારણ કે આ ફિલ્મ અતિ હિંસાત્મક છે. ફિલ્મ સર્ટિફિકેશન બોર્ડ દ્વારા ‘માર્કો’ના સેટેલાઈટ અધિકારોને નામંજુર કરવામાં આવ્યા છે. તેથી હવે આ ફિલ્મ ટીવી પર જોઈ શકાશે નહીં.એવાં પણ અહેવાલો છે કે સેન્સર બોર્ડ આ ફિલ્મના ઓટીટી રાઈટ્સ પર પ્રતિબંધ મુકી શકે તેમ છે. હાલ તો આ ફિલ્મ ઓટીટી પ્લેટફર્મ સોની લિવ પર ઉપલબ્ધ છે. માર્કોના હિંસાત્મક દૃશ્યોએ ઘણી ચર્ચા જગાવી હતી, ખાસ તો કેરાલાના મુખ્યમંત્રીએ પણ ફિલ્મનાં ગ્રાફિકની ટીકા કરી હતી. આ ફિલ્મને મળેલાં મિશ્ર પ્રતિસાદ અંગે એક ઈન્ટરવ્યુમાં ઉન્ની મુકુંદને કહ્યું હતું, ‘‘હું રિવ્યુઝ વાંચું છું, કેટલાંકને ગમે છે, કેટલાંક નફરત કરે છે. પરંતુ સિનેમાનું કામ આવું જ ન હોવું જોઈએ? પ્રોત્સાહન આપો, પડકારો અને ચર્ચા શરૂ કરાવો.’’ તે એનિમલ સાથે પોતાની ફિલ્મની સરખામણીથી ખુશ હતો. માર્કોનું હિન્દુ વર્ઝન પણ હિટ રહ્યું હતું. ઉન્ની મુકુંદનનું કહેવું હતું કે આ ફિલ્મ હિન્દી બેલ્ટમાં ૩૦ શોથી શરૂઆત થઈ હતી. તેનાથી પહેલાં દિવસે માત્ર ૩૦૦૦૦ની જ આવક થઈ હતી, પરંતુ પાછળથી તેના ૩૦૦૦ શો થઈ ગયા હતા.

# પિતાના સ્વપ્નને કારણે બેઘર થયો હતો અભિનેતાએ વર્ષો બાદ જણાવ્યું દુઃખ

અર્ચના પુરણ સિંહે તાજેતરમાં તેની યુટ્યુબ ચેનલ પર એક વ્લોગ શેર કર્યો હતો, જેમાં તે તેના મિત્રો રણવીર શૌરી, વિનય પાઠક અને તેના પતિ પરમીત સેઠી સાથે મસ્તીભર્યો દિવસ વિતાવતી નજરે પડી હતી. તેઓએ જુહુ બીચ અને પૃથ્વી કાફે સહિત મુંબઈના વિવિધ લોકપ્રિય સ્થળોની મુલાકાત લીધી અને તેમના સંઘર્ષને યાદ કર્યા.વ્લોગમાં અર્ચનાએ રણવીર અને વિનયને ઈન્ડસ્ટ્રીમાં તેમના સંઘર્ષના દિવસો વિશે પૂછ્યું, રણવીરે યાદ કર્યુ કે, કેવી રીતે મોટો સંઘર્ષ ઘર બનાવવાથી લઈને બેઘર સુધીનો રહ્યો છે. તેણે કહ્યું, ‘મને ક્યારેય એવું નથી લાગ્યું કે હું ખાવાનો ખર્ચ ઉઠાવી શકું તેમ નથી. અમારો સંઘર્ષ એ હતો કે અમારી પાસે રહેવા માટે અમારું પોતાનું ઘર ન હતું કારણ કે પપ્પાએ અમારું ઘર એક ફિલ્મ માટે વેચી દીધું હતું જે તેઓ પ્રોડ્યુસ કરી રહ્યા હતા. ઘર હોવા છતાં પણ અમે બેઘર પરિસ્થિતિમાં હતા અને પછી અમે ભાડાના એપાર્ટમેન્ટમાં શિફ્ટ થયા પરંતુ ખાવાની ક્યારેય કોઈ સમસ્યા નહોતી. અમે ભાડાના એપાર્ટમેન્ટમાં રહેતા હતા.’વિનયે કહ્યું, ‘એવા દિવસો હતા જ્યારે પૈસા ન હતા પરંતુ એવું ક્યારેય બન્યું નથી કે અમે ત્રણ દિવસ સુધી કંઈ ખાધું ન હોય અને અમારું શરીર હિંમત ગુમાવી બેસે. પેટ ભરવા માટે હંમેશા કોઈને કોઈ રસ્તો હતો.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, વિનય પાઠક છેલ્લે ફિલ્મ ‘આલિયા બાસુ ગાયબ હૈ’ માં જોવા મળ્યો હતો, જેમાં તેની સાથે રાયમા સેન અને સલીમ દિવાન હતા. તે જિઓહોટસ્ટારની સિરીઝ ‘લાઈફ હિલ ગઈ’ માં પણ જોવા મળ્યો હતો. આ સિરીઝમાં તેની સાથે દિવ્યેન્દુ શર્મા, કુશા કપિલા અને મુક્તિ મોહન જેવા કલાકારો જોવા મળ્યા હતા. દરમિયાન, રણવીર શોરી કેકે મેનન, કૃતિ કુલ્હારી, રસિકા દુગ્ગલ અને દિવ્યેન્દુ ભટ્ટાચાર્ય સાથે વેબ સિરીઝ ‘શેખર હોમ‘ માં દેખાયો હતો, જે હાલમાં જિઓહોટસ્ટાર પર સ્ટ્રીમ થઈ રહી છે.અર્ચના પૂરણ સિંહની વાત કરીએ તો, અભિનેત્રી છેલ્લે તૃપ્તિ ડિમરી અને રાજકુમાર રાવ અભિનીત ‘વિકી ઔર વિદ્યા કા વો વાલા વીડિયો’ માં જોવા મળી હતી અને આગામી સમયમાં, તે કપિલ શર્માના લોકપ્રિય કોમેડી શો ‘ધ ગ્રેટ ઈન્ડિયા કપિલ શો’ માં જોવા મળશે, જે આ વર્ષે નેટફિલક્સ પર પ્રીમિયર થવાનો છે. આ ઉપરાંત તે ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂર સ્ટારર ફિલ્મ ‘નાદાનિયાં’ માં જોવા મળશે.





# પ્રભાસની ટીમમાં ‘ફૌજી’ બનશે સની દેઓલ

પાન ઈન્ડિયા સ્ટાર પ્રભાસ પાસે ઘણી બિગ બજેટ ફિલ્મો છે. પોતાના સ્ટાર પાવરથી જ ફિલ્મોને હિટ બનાવી દેનારા પ્રભાસની ‘ધ રાજા સાબ’ સૌથી પહેલાં રીઝ થવાની છે. આ ફિલ્મનું શૂટિંગ પૂરું થયા પછી પ્રભાસ ‘ફૌજી’ની શરૂઆત કરશે. હનુ રાઘવ પુડીના ડાયરેક્શનમાં બની રહેલી આ ફિલ્મમાં સની દેઓલ જોડાયા છે. આલિયા ભટ્ટના લીડ રોલ અંગે પણ ટૂંક સમયમાં એનાઉન્સમેન્ટ થવાની શક્યતા છે. આ વર્ષે પ્રભાસની સૌથી પહેલી રિલીઝ ‘રાજા સાબ’નું પોસ્ટ પ્રોડક્શન કામ ચાલી રહ્યું છે. પ્રભાસે હવે ‘ફૌજી’નું શૂટિંગ શરૂ કર્યુ છે. આ ફિલ્મની કાસ્ટમાં અનુપમ ખેરની એન્ટ્રી થઈ હોવાનું થોડા સમય પહેલા જાણવા મળ્યુ હતું. રૂ.૪૦૦ કરોડના તોતિંગ બજેટથી બની રહેલી આ ફિલ્મનો સ્ટાર પાવર વધારવા સની દેઓલનો સમાવેશ કરાયો છે. પ્રભાસની ‘ફૌજી’ યુદ્ધની ઘટના આધારિત પિરિયડ ડ્રામા છે. ફિલ્મમાં પ્રભાસે બ્રિટિશ આર્મી ઓફિસરનો રોલ કર્યો છે. આલિયા ભટ્ટ રાજકુમારીના રોલમાં જોવા મળે તેવી શક્યતા છે. ફિલ્મમાં સની દેઓલનું કેરેક્ટર પણ તેમની ઈમેજ જેવું જ દમદાર રહેવાનું છે. રિપોર્ટ્સ મુજબ, ફિલ્મના પહેલા ભાગમાં સની દેઓલ જોવા નહીં મળે. સનીની ગ્રાન્ડ એન્ટ્રી સેકન્ડ હાફમાં જોવા મળશે. ‘ફૌજી’ માટે પ્રભાસે એકદમ અલગ લૂક રાખ્યો છે. રૂ.૪૦૦ કરોડની ફિલ્મની ભવ્યતામાં કોઈ કચાશ ન રહે તે માટે અન્ય સ્ટાર્સને પણ જોડવામાં આવ્યા છે. મિથુન ચક્રવર્તી અને જયાપ્રદા પણ મહત્ત્વના રોલમાં જોવા મળશે.





# તારક મહેતા ફેમ દિપ્તી મિલાન ફેશન શોમાં છવાઈ





## દિપ્તીએ ડિઝાઈનર શોના બકાકો માટે રેમ્પ વોક કર્યુ હતું, તેણે એક બ્રાઇટ રેડ આઉટફિટ પહેર્યુ હતું

લોકપ્રિય ટીવી શો ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’થી જાણીતી થયેલી એક્ટ્રેસ દિપ્તી સધવાનીએ મિલાન ફેશન વીકમાં શો સ્ટોપર તરીકે રેમ્પ વોક કર્યુ હતું. દિપ્તીએ પોતાના ઈન્સ્ટાગ્રમ પર આ ફેશન શોની તસવીરો અને વીડિયો શેર કર્યા હતાં. દિપ્તીએ ડિઝાઈનર શોના બકાકો માટે રેમ્પ વૉક કર્યુ હતું. તેણે એક બ્રાઈટ રેડ આઉટફિટ પહેર્યુ હતું. સાથે તેણે એક મૅચિંગ રેડ બેગ પણ હાથમાં રાખ્યું હતું. રવિવારે યોજાયેલી આ ઈવેન્ટનું આયોજન પાલાઝો વિસ્કોન્ટી ખાતે થયું હતું. દિપ્તીએ આ વખતનો પોતાનો વીડિયો પણ શેર કર્યો હતો. તેણે આ ઈવેન્ટમાં ભાગ લેવાનો પોતાનો ઉત્સાહ અને આભાર વ્યક્ત કર્યા ત્યારે તેની સાથે શોના બકાકો પણ જોડયાં હતાં. આ પોસ્ટ શેર કરતાં દિપ્તીએ લખ્યું હતું, ‘‘શોના બરાકો માટે મિલાન ફેશન વીકના શો સ્ટોપર તરીકે વૉક કરવું એ અનુભવ મારા માટે અવર્ણનીય હતો.’’ સાથે તેણે ‘‘ચાઓ ..ચાઓ..’’ પણ લખ્યું હતું. આ લૂકમાં દિપ્તીના ફૅન્સે વખાણ પણ કર્યા હતા. તેમાં બરાકોએ કમેન્ટ કરીને કહ્યું, ‘‘મિલાન પણ તને પ્રેમ કરે છે.’’ ગયા વર્ષે દિપ્તીએ ૭૭મા કેન્સ ફેસ્ટિવલમાં ભાગ લીધો હતો. તે પોતાની ફિલ્મ ‘લી દોક્શીમ એક્ટ’ના પ્રિમીયર માટે હાજર રહી હતી. આ પોસ્ટ શેર કરતાં દિપ્તીએ લખ્યું હતું,‘‘૭૭મા કેન્સ ફિલ્મ ફેસ્ટિવલની ઓપનિંગ સેરેમનીમાં રેડ કાર્પેટ પર સૌથી લાંબી ટ્રેઈલ સાથેના ગાઉનમાં હાજર રહેવું એ ગૌરવની વાત છે.’’તારક મહેતા સિવાય દિપ્તીએ હાસ્ય સમ્રાટ જેવા ટીવી શો અને નઝર હટી દુર્ઘટના ઘટી તેમજ રોક બૅન્ડ પાર્ટી સહિતની ફિલ્મોમાં પણ કામ કર્યુ છે. આ ઉપરાંત તેણે હરિયાણા રોડ વે, ટૂટ જાયે અને લાલા લાલા લોરી જેવા મ્યુઝિક વીડિયોમાં પણ કામ કર્યુ છે.

### ગાંગુલી નેટફિલક્સની ‘ખાકી ૨’થી ગાંગુલીનું એક્ટિંગ ડેબ્યુ

# સૌરવ ગાંગુલી હવે ‘ખાકી’ વર્દીમાં દેખાશે

## એક તરફ સૌરવ ગાંગુલીએ પોતાની બાયોપિકની જાહેરાત કરી છે, જેમાં રાજકુમાર ગાંગુલીના રોલમાં

એક તરફ સૌરવ ગાંગુલીએ પોતાની બાયોપિકની જાહેરાત કરી છે, જેમાં રાજકુમાર રાવ ગાંગુલીના રોલમાં જોવા મળશે. ત્યારે બીજી તરફ હવે ગાંગુલી એક્ટિંગમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. નેટફિલક્સ પર આવનારી સિરીઝ ‘ખાકી ૨’ના પ્રમોશનલ વીડિયોથી તેણે એક્ટિંગ ડેબ્યુ કર્યુ છે. આ પહેલાં ગાંગુલીએ ટીવીમાં કેટલીક જાહેરાતો અને ‘દાદાગિરી’ નામના ગેમશોમાં કામ કર્યુ છે. હવે ઓટીટી પર એક્ટિંગ ડેબ્યુથી સૌરવ ગાંગુલીએ બધાને આશ્ચર્યચકિત કરી દીધાં છે. નેટફિલક્સની ‘ખાકી ૨’ની પ્રમોશનલ જાહેરાતમાં ગાંગુલી જોવા મળ્યો છે. જેમાં તે પોલિસની વર્દીમાં દેખાય છે. તેનાથી એવી ચર્ચા શરૂ થઈ છે કે આ સિરીઝમાં ગાંગુલી કદાચ કોઈ પોલિસ ઓફિસરના રોલમાં પણ જોવા મળી શકે છે. ક્રિકેટ લિજેન્ડ ગાંગુલીના ફૅન્સ ઉત્સાહમાં છે કે મેદાન સિવાય હવે એક્ટિંગના મેદાનમાં પણ હવે દાદાની ફટકાંબાજી જોવા મળશે. આ સિરીઝમાં જીત અને પ્રોશોનજીત ચેટર્જી પણ મહત્વના રોલમાં છે, ત્યારે ગાંગુલીને જોઈને ફૅન્સ ઉત્સાહમાં આવી ગયાં છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગાંગુલીએ બરુઈપુરના બિનોદિની સ્ટુડિયોમાં શૂટ કર્યુ હતું. તેના ખાકી વર્દીના ફોટો અને વીડિયો વાયરલ થયાં છે. આ સિરીઝ શ્રી વેંકટેશ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે, તો હવે ગાંગુલીનું એક્ટિંગ ડેબ્યુ કેવું રહેશે તેની લોકોને રાહ છે. ‘ખાકી - ધ બેંગાલ ચેપ્ટર’નું ટ્રેલર ૫ માર્ચે રિલીઝ થયું છે. ૨૦૦૦ના સમયની વાત કરતી આ એક્શન ડ્રામાની સિરીઝની આ સીઝનમાં રાજકારણ, ગૅંગવૉર અને પોલિસતંત્રની વાત છે. આ સિરીઝ નીરજ પાંડે દ્વારા તૈયાર થઈ છે અને ડેબાત્મા મંડલ અને તુષાર કાંતિએ ડિરેક્ટ કરી છે.




### હવે કિઆરાના બદલે ક્રિતિ સેનન જોવા મળશે

# પ્રેગનન્સી અંગે જાહેરાત કર્યા બાદ કિઆરા અડવાણીએ ‘ડોન ૩’ છોડી

કિઆરા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ ગયા અઠવાડિયે તેમની પ્રેગનન્સીની જાહેરાત કરી હતી. તેમણે નાનાં બાળકનાં પગનાં બે મોજાંનો ફોટો શેર કરીને લખ્યું હતું, ‘અમારા જીવનની સૌથી ઉત્તમ ભેટ. ટૂંક સમયમાં આવી રહી છે.’ તેમની આ પોસ્ટને ઈન્ડસ્ટ્રીના લોકો અને તેમના ફૅન્સ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. ત્યાર બાદ હવે કિઆરાએ ફરહાન અખ્તરની ‘ડોન ૩’ ફિલ્મ છોડી દિધી છે. કિઆરાએ ફિલ્મના બદલે માતૃત્વને પ્રાથમિકતા આપવાનું નક્કી કર્યુ છે. ગયા વર્ષે આ ફિલ્મના લીડ કલાકારો અંગે જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ હવે કિઆરાએ ફિલ્મની ટીમ સાથે સમજૂતી કરીને છેડો ફાડ્યો છે. ઈન્ડસ્ટ્રીના સૂત્રોના આધારે તે તેનાં જીવનનાં આ સુંદર તબક્કાને માણવા માટે કામમાંથી બ્રેક લેવા માગે છે. એક સૂત્રના જણાવ્યા અનુસાર, ‘‘હાલ તે બસ ‘ટોક્સિક’નું શૂટ પૂરું કરવાની તૈયારી કરી રહી છે, પછી તે ‘વૉર ૨’નું કામ કરશે. તેના પછી એ બ્રેક લેશે અને પરિવાર સાથે તેમજ બાળક સાથે સમય વિતાવશે. ‘ડોન ૩’ની ટીને કિઆરાના નિર્ણયનું માન રાખ્યું, હવે તેઓ નવી હિરોઈન શોધશે.’’ફરહાનની ઈચ્છા અગાઉ શાહરૂખ ખાનને લીડ રોલમાં લેવાની હતી. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં ફરહાન અખ્તરે એવું પણ કહ્યું હતું કે તે આ વર્ષે જ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે અને રણવીર લીડ રોલમાં તેમજ વિક્રાંત મેસ્સી વિલન તરીકે જોવા મળશે.કિઆરા હવે બ્રેક પછી સીધું મેડોક ફિલ્મ્સનું કામ શરૂ કરશે, દિનેશ વિજાનની ‘શક્તિ શાલિની’માં કામ કરશે. મેડોકના હોરર કોમેડી યુનિવર્સની ફિલ્મ છે. આ ઉપરાંત તે ‘ધૂમ ૪’માં પણ કામ કરી રહી છે, જેનું કામ ૨૦૨૬માં શરૂ થવાનું છે. ક્રિતિ કે ‘ડોન ૩’ની ટીમ તરફથી આ અંગે કોઈ કન્ફર્મેશન કે પછી અનાઈન્સમેન્ટ થઈ નથી. પરંતુ એવી ચર્ચા છે કે આ ફિલ્મમાં કિઆરાને ક્રિતિ સેનન રિપ્લેસ કરશે. કિઆરા નહીં પણ હવે ક્રિતિ બનશે ડોનની જંગલી બિલ્લી. એવું મનવામાં આવે છે કે ક્રિતિ ડોનની સામે ધારદાર અને તેજ પાત્ર સરળતાથી કરી શકશે. અગાઉ રોમાનો રોલ ઝીન્નત અમાન અને પ્રિયંકા ચોપરા જેવી એક્ટ્રેસ કરી ચૂકી છે. આનંદ એલ રાયની ‘તેરે ઈશ્ક મેં’માં ક્રિતિના પાવરફૂલ અવતારની ઝલક લોકોને પસંદ પડી છે.





# ઝાલોદ નગરપાલિકા દ્વારા નગરની નાસ્તા હાઉસની દુકાનોએ ઓચિંતુ ચેકિંગ હાથ ધરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ નગરની અમુક નાસ્તા હાઉસની દુકાનોએ ગ્રાહક સર્વિસના અભાવને લઈ થોડા દિવસ પહેલાં સમાચાર પ્રકાશિત થયેલ હતા તેને લઈ નગરપાલિકા દ્વારા નગરની નાસ્તાહાઉસ તેમજ વિવિધ ખાણીપીણીની હોટલમાં ચેકિંગ હાથ ધરાયું હતું. નગરપાલિકા દ્વારા હોટેલમાં ગ્રાહક સુવિધા સંદર્ભે સફાઈ, પાણી તેમજ ગ્રાહકને આપવામાં આવતા નાસ્તામા કાગળની પ્લેટ જેવા મુદ્દાઓને ધ્યાનમાં લઈ ચેકિંગ હાથ ધર્યુ હતું. પાલિકા દ્વારા ચેકિંગ દરમિયાન જે દુકાનોમાં ગ્રાહક સર્વિસ સુવિધાનો અભાવ હતો ત્યાં જઈ સુવિધા પૂરી પાડવા જણાવ્યું હતું તેમજ અમુક નાસ્તાહાઉસની દુકાનોમાં દંડ પણ ફટકારવામાં આવેલ હતો તેમજ પાલિકા દ્વારા મૌખિક ચેતવણી પણ આપી હતી અને ગ્રાહકને પૂરતી સુવિધા આપવા પણ જણાવ્યું હતું. જાણવા મળેલ સૂત્રો મુજબ આગામી સમયમાં પાલિકા ફરી ચેકિંગ હાથ ધરશે ત્યારે ફરી જો કોઈ ફરિયાદ આવશે તો નોટિસ પણ ફટકારવામાં આવનાર છે અને જો છતાંય નહીં માને તો દુકાનો પર નિયમ મુજબની કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવનાર છે.

# રાત્રિ સભામાં કલેક્ટરને રજૂઆત બાદ PHC ચાકલીયા ખાતે સત્વરે નવીન LED સ્ટ્રીટ લાઇટ ચાલુ કરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ગત તારીખ ૦૬/૦૩/૨૦૨૫ ના રોજ ઝાલોદ તાલુકાના સાબલી ગામે રાત્રીસભા યોજાઈ હતી. તે દરમિયાન ગામ લોકો દ્વારા ચાકલીયા PHC કેન્દ્ર ખાતે સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવા રજૂઆત કરવામાં આવી હતી.જે ધ્યાને લેતા આજરોજ TDO ઝાલોદના માર્ગદર્શક હેઠળ સત્વરે નવીન LED સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવામાં આવી.

# ઝાલોદ તાલુકાના પૂર્વ ભાજપ પ્રમુખને ત્યાં મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ નગરમાં પૂર્વ ભાજપા પ્રમુખ મુકેશભાઈ ડામોરના નિવાસસ્થાને ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત મોડેલ ક્લસ્ટર લેવલ ફેડરેશન, મહુડી દ્વારા રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમા ક્લસ્ટર લેવલ ફેડરેશનના પ્રમુખ સુમનબેન ડામોરે હાજરી આપી કાર્યક્રમની શોભા



વધારી હતી. તેમજ મહિલાઓને શુભેચ્છા પાઠવી. નારી શક્તિને વંદન

# ઝાલોદ એસ.ટી ડેપો દ્વારા કંડક્ટર બહેનો તેમજ વિદ્યાર્થીઓને પુષ્પ આપી મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ એસ.ટી ડેપો મેનેજર નિલેશ મુનિયા તેમજ કર્મચારીઓ દ્વારા આજરોજ વિશ્વ મહિલા દિવસ નિમિતે ડેપોમાં ફરજ બજાવતા મહિલા કંડકટર બહેનો અન્ય મહિલા સ્ટાફ તેમજ વિધાર્થીનીઓનુ સન્માન કરવામાં આવ્યું હતું. દરેક મહિલાઓને પુષ્પ તેમજ મીઠાઈથી મોં મીઠું કરાવી મહિલા દિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. તેમજ વિશ્વમાં દરેક ક્ષેત્રમાં મહિલાઓ હજુ વધુ આગળ આવે અને દેશ, પરિવાર, ગામ, સમાજમાં આગવું નામ કરે તેવી વિશ્વ મહિલા દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# જિલ્લામાં સમાન સિવિલ કોડના અમલીકરણ પર સૂચનો અને મંતવ્યો રજૂ કરવા અંગે યોજાઇ બેઠક



। (માહિતી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં સમાન સિવિલ કોડ લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે માનનીય ન્યાયમૂર્તિ (નિવૃત) રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં સમાન સિવિલ કોડ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં શ્રી સી. એલ. મીના, આઈ. એ.એસ. (નિવૃત્ત), શ્રી આર.સી.કોડેકર વરિષ્ઠ એડવોકેટ, શ્રી દક્ષેસ ઠાકર પૂર્વ વાઈસ ચાન્સેલર (VNSGU) અને સુશ્રી ગીતાબેન શ્રોફ સામાજિક કાર્યકર સભ્યો છે. જેમાંથી આજે કલેકટર કચેરી, નડિયાદ ખાતે આજે શ્રી સી. એલ. મીના, આઈ. એ.એસ. (નિવૃત્ત) અને શ્રી આર.સી.કોડેકર વરિષ્ઠ એડવોકેટની વિશેષ ઉપસ્થિતીમાં સમાન સિવિલ કોડના અમલીકરણ પર સૂચનો અને મંતવ્યો રજૂ કરવા અંગે બેઠક યોજાઈ હતી.

નોંધનીય છે કે સમાન સિવિલ કોડ સમિતિની ગુજરાતના રહેવાસીઓના વ્યક્તિગત દિવાની બાબતોનું નિયમન કરતા પ્રવર્તમાન કાયદાઓની સમિક્ષા કરશે. મૂલ્યાંકન બાદ જરૂરિયાતના આધારે સમિતિ કાયદાની રૂપરેખા સુચવશે. જેમાં સમિતિ લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ અને લિવ-ઈન રિલેશનશિપ વિષયોનો સમાવેશ કરવા બાબતે વિચારણા કરાશે. ધર્મ આધારિત કૌટુંબિક કાયદાઓ અંગે ભેદભાવપૂર્ણ વ્યવહાર દૂર કરવા બાબતે વિચારણા કરવામાં આવશે. છૂટાછેડા, લગ્ન, ભરણપોષણ, મિલકત અધિકારો બાબતે બધા સમુદાયોમાં એક સમાન કાયદો/આધાર કરવા અંગે વિચારણા કરવામાં આવશે. બેઠકમાં ઉપસ્થિત રહેલા તમામ લોકોનો અભિપ્રાય જાણી તેમના સૂચનો અને મંતવ્યો પણ લેવામાં આવ્યા હતા.

# આણંદ ખાતે સમાન સિવિલ કોડના (UCC) અમલીકરણ પહેલા નાગરિકોના અભિપ્રાયો મેળવવા સમિતિના સભ્યોએ યોજી બેઠક



। (માહિતી) ગાંધીનગર, તા.૮ ।

સમાન સિવિલ કોડ સંદર્ભે UCC સમિતિ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈ લોકોના પ્રતિભાવો મેળવવામાં આવી રહ્યાં છે, જેના ભાગરૂપે આજે સર્કિટ હાઉસ, આણંદ ખાતે સમાન સિવિલ કોડ સમિતિની આણંદ જિલ્લા વહીવટી તંત્ર સાથે બેઠક યોજાઈ હતી. સમાન સિવિલ કોડનો ડ્રાફ્ટ તૈયાર કરવા માટે UCC સમિતિ દ્વારા નાગરિકો, અગ્રણીઓ, જન પ્રતિનિધિઓ, વિવિધ ધર્મના અગ્રણીઓના પ્રતિભાવો મેળવવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં UCC કાયદાના અમલ માટે રાજ્ય સરકાર દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી છે.

આણંદ ખાતે સમાન સિવિલ કોડ સમિતિના સભ્યોશ્રી સી.એલ.મીણા અને શ્રી આર. સી. કોડેકરની અધ્યક્ષતામાં આણંદ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લાના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, સાધુ-સંતો અને નાગરિકો સાથે બેઠક યોજી હતી.

સમિતિના સભ્યશ્રી સી.એલ. મીણાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સમાન સિવિલ કોડના અમલીકરણ પહેલા નાગરિકોના અભિપ્રાયો જાણવા ખુબ જ જરૂરી છે. સમાનતા, મહિલાઓ અને બાળકોને ધ્યાનમાં રાખીને UCC નો મુસદ્દો તૈયાર કરવામાં આવશે. નાગરિકો પાસેથી મળેલા અભિપ્રાયોના અભ્યાસ બાદ સમિતિ UCC અંગેનો વિસ્તૃત અહેવાલ સરકાર સમક્ષ રજૂ કરશે.

શ્રી મીણાએ ઉમેર્યું કે રાજ્યનો કોઈપણ નાગરિક યુસીસી કાયદા માટે યુસીસી કમિટી, કર્મયોગી ભવન, બ્લોક નંબર - ૧, છઠ્ઠા માળ, સેક્ટર ૧૦- એ, ગાંધીનગર ખાતે પત્ર દ્વારા પોતાના વિચારો મંતવ્યો રજૂ કરી શકાશે. આ ઉપરાંત યુસીસી કાયદાના પોર્ટલ http://uccguja®a.in ઉપર પણ પોતાના સૂચન રજૂ કરી શકશે. આણંદ જિલ્લાના વધુમાં વધુ નાગરિકો આ કાયદા સંબંધે પોતાના મંતવ્ય રજૂ કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં સાંસદ શ્રી મિતેશભાઈ પટેલે યુસીસી કાયદો વહેલામાં વહેલી તકે લાગુ કરવો જોઈએ તેમ જણાવ્યું હતું.

સરદાર પટેલ યુનિવર્સિટી-ના કુલપતિ ડો.નિરંજન પટેલ, ચારૂતર વિદ્યામંડળના પ્રોવોસ્ટ શ્રી હેમંત ત્રિવેદી, જિલ્લાના સાધુ સંતો, તબીબો, વકીલો, સામાજિક કાર્યકરો, રોટરી ક્લબ વિઠ્ઠલ ઉદ્યોગ નગર એસોસિએશનના પ્રમુખ દ્વારા લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, મિલકતના અધિકારો, ધર્મ આધારિત કૌટુંબિક કાયદાઓ, લીવ-ઈન રિલેશનશિપમાં મહિલાઓના અધિકારો, નાણાંકીય સહાય તેમજ વારસાના અધિકારોનું રક્ષણ જેવા વિષયો પર UCC સમિતિ સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતાં.

પ્રારંભમાં કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીએ સમિતિના સભ્યોનો આવકાર કર્યો હતો. આ બેઠકમાં મનપા કમિશનરશ્રી મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેકટર શ્રી આર.એસ દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગિફ્ટ સિટીમાં ઈન્ડીયા એરક્રાફ્ટ લિઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ સમિટનો પ્રારંભ



। (માહિતી) ગાંધીનગર, તા.૮ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ગ્લોબલ સપ્લાય ચેઈનમાં ગુજરાતના વધતા પ્રભાવને પરિણામે ગ્લોબલ ઓરીજીનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (OEM) ગુજરાતમાં આકર્ષિત થયા છે.

એટલું જ નહીં, ઉદ્યોગોને અનુકૂળ માહોલ, પોલીસી ડ્રીવન ગવર્નન્સ અને સ્કીલ્ડ વર્ક ફોર્સની સરળ ઉપલબ્ધિને કારણે મોટા એન્જિનિયરિંગ, ઓટો ઈન્ડસ્ટ્રીઝ અને એરોસ્પેસ સેક્ટરની કંપનીઝના એકમો રાજ્યમાં કાર્યરત થયા છે.

મુખ્યમંત્રીશ્રી ગીફ્ટ સીટી ખાતે આયોજિત ઈન્ડિયા એરક્રાફ્ટ લિઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ સમિટ-૨૦૨૫નો પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી કિંજરાપુ રામમોહન નાયડુ, નાગરિક ઉડ્ડયન સચિવ શ્રી વી વુલનમ, ગિફ્ટ સિટીના ચેરમેન શ્રી ડૉ. હસમુખ અઢિયા, આઈ.એફ.એસ.સી.ના ચેરમેન શ્રી કે રાજા રમણ સહિત એવિએશન એન્ડ એરક્રાફ્ટ ક્ષેત્રના અગ્રણીઓ આ સમિટના ઉદઘાટન સત્રમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં નિર્માણ થયેલું ગિફ્ટ સિટી હવે દેશના ફિનટેક હબ તરીકે ખ્યાતિ પામ્યું છે તેનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આવા યોગ્ય સ્થળે આ સમિટનું આયોજન એવિએશન સેક્ટર માટે નવા અવસરો ખોલશે.

તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં પાછલા દસકામાં એવીએશન ક્ષેત્રમાં મોટા બદલાવ આવ્યા છે અને ભારત એવીએશન ઈકોસિસ્ટમનુંમજબૂતઆધારસ્તંભબન્યુંછે.દેશમાં મેન્ટેનન્સ, રીપેર અને ઓવરઓલ સર્વિસીસ MRO ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે વિશેષ નીતિ પણ બનાવવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશનો સામાન્ય માનવી પણ વિમાનની યાત્રા કરી શકે તેવા અભિગમ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉડાન યોજના શરૂ કરાવી છે. દેશમાં એરપોર્ટ્સની સંખ્યા પણ બમણી થઈ છે અને હવે તો થ્રી ટીયર અને ટુ ટીયર સિટીઝ પણ એર કનેક્ટિવિટીથી જોડાયા છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતને પાછલા બે અઢી દાયકાથી વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શનનો લાભ મળતો રહ્યો છે. તેમના દિશાદર્શનમાં રાજ્ય સરકાર એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપી રહી છે. રાજ્યમાં બે ઈન્ટરનેશનલ એરપોર્ટ સહિત ૧૯ એરપોર્ટ કાર્યરત છે. તેમજ દેશના પહેલા ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી ધોલેરામાં સ્ટેટ ઓફ ધ આર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે એરપોર્ટનું નિર્માણ થવાનું છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, ગિફ્ટ સિટીમાં કાર્યરત આઈ.એફ.એસ.સી.એ. એરક્રાફ્ટ લિઝિંગ અને ફાઈનાન્સિંગની સુવિધાઓ એક જ છત્ર નીચે પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે. ભારતમાં આવનારા ગ્લોબલ એવીએશન લીડર્સ માટે આ સુવિધા ફાયદારૂપ થશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી શ્રી કિંજરાપુ રામમોહન નાયડુએ વિશ્વમાં ઈકોનોમિક પાવર હાઉસ તરીકે ઉભરી રહેલા ભારતના ગ્રોથ એન્જિન રાજ્ય ગુજરાતમાં યોજાઇ રહેલી આ સમિટને ઉપયુક્ત ગણાવી હતી. તેમણે વડાપ્રધાનશ્રીના આગવા વિકાસ વિઝનથી નિર્મિત ગિફ્ટ સિટી આજે સિંગાપોર, દુબઈ જેવા ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર્સ સમકક્ષ બન્યું છે અને બિઝનેસ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટ સાથે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનું ઉત્તમ ઉદાહરણ બન્યું છે. તેનો શ્રેય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના પરિણામદાયી પ્રયાસોને આપ્યો હતો.

ગિફ્ટ સિટી ભારતના એવિએશન સેક્ટર માટે વિશ્વસનીયતા, સહભાગીતા અને વિકાસ પ્રતિબદ્ધતા સાથેનું સ્પર્ધાત્મક એરક્રાફ્ટ લિઝિંગ હબ બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું કે, દેશના વિકસી રહેલા એવીએશન સેક્ટરમાં ફાઈનાન્સિયલ ઈનોવેશન માટે એરક્રાફ્ટ લિઝિંગ એ ચાવીરૂપ બાબત છે. તેમણે ગૌરવ સહ કહ્યું કે, ૨૦૧૪માં ૩૯૫ એરક્રાફ્ટની સેવાઓ આજે ૮૨૯ સુધી પહોંચી છે. એટલું જ નહીં, દેશની એરલાઈન્સે ૨૦૦૦થી વધુ એરક્રાફ્ટ માટે ઓર્ડર પ્લેસ કરેલા છે. શ્રી નાયડુએ ૨૦૪૭ સુધીમાં દેશમાં ઉભી થનારી આ ક્ષેત્રની માંગના સંદર્ભમાં કહ્યું કે, વાર્ષિક ૨ કરોડ પેસેન્જર્સ સંચાલન કરતા ૩૫૦ એરપોર્ટ કાર્યરત થવાની સંભાવના છે. આવનારા પાંચ વર્ષમાં નવા ૫૦ હવાઈ મથકો બનશે એમ પણ તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ એરક્રાફ્ટ એન્ડ ફાઈનાન્સિયલ સેક્ટરમાં રહેલી ઉજ્જવળ વિકાસ સંભાવનાઓનો ચિતાર આપતા કહ્યું કે, પાંચ વર્ષ પહેલા જ આઈ.એફ.એસ. સી.એ ફાઈનાન્સિયલ એન્ડ લેઝિંગ એક્ટિવિટીઝનું ઓન- શોરિંગ કેન્દ્ર બન્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને સારા ઉપયોગમાં લેવાનો પ્રયત્ન કરો. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે. આજે તમે ડેટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે. તમે ખુદ ને સમય આપવાનું જાણો છો અને આજે તો તમને ઘણું ખાલી સમય મળવા ની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. સેમિનાર તથા પ્રદર્શન તમને નવું જ્ઞાન તથા નવા સંપર્કો આપશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજના દિવસે પોતાના જીવનસાથી જોડે તમે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**સિંહ (મ,ટ) :**

આજે તમારી પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. આજના દિવસે નાણાકીય દૃષ્ટિએ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. તેમની સાથે સંપૂર્ણ સહકારપૂર્વક કામ કરી જીવનના ચડાવ-ઉતાર તેમની સાથે શૅર કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે તમે હૅલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદૃશ્ય થઈ જશે.

**તુલા (ર,ત) :**

આજનો દિવસ આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ હશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કારણ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારા પરિવાર માટે કોઈક સારા તથા અર્થપૂર્ણ કાર્યમાં જોખમ લો. આજના દિવસે ગભરાતા નહીં કેમ કે વેડફાયેલી તક કદાચ પાછી ન પણ આવે. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે.

**મકર (ખ,જ) :**

આજે તમારી અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા. નવી વિચારોને કસોટીની એરણ પર મુકવા માટે શ્રેષ્ઠ દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તામારુ સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો. રૉમાન્સ માટેની તકો દેખીતી છે-પણ તેનું આયુષ્ય ટૂંકું હશે. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપશો. આજે તમે તમારા જીવનસાથી સાથે બહાર જશો અને તમે બંને સાથે સારો દિવસ વિતાવશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. આજે તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.





નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ''નારી શક્તિ સે વિકાસ ભારત'' થીમ પર રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા દીપ પ્રગટાવામાં આવ્યો.

**ન્યૂઝ બ્રિફ**

## ભારતે તમામ મેચો દુબઈમાં રમી જેના કારણે તેઓ પિચને જાણે છે

। (એજન્સી) દુબઈ, તા.૮ ।

આ વખતે ચેમ્પિયન્સ ટ્રોફીની મેજબાની પાકિસ્તાને કરી હતી. જોકે સુરક્ષા કારણોસર ભારત સરકારે ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન જવાની મંજૂરી ન આપતા હાઈબ્રીડ મોડલ પર મેચો રમાઈ હતી. ટીમ ઈન્ડિયાની તમામ મેચો દુબઈમાં યોજવામાં આવી. હવે આ મુદ્દે ચેમ્પિયન્સ ટ્રોફીની અન્ય ટીમો સવાલ ઉઠાવી રહી છે. એવામાં ફાઈનલ મેચ પહેલા ન્યૂઝીલેન્ડના કેપ્ટને પણ આરોપ લગાવ્યો છે કે ટીમ ઈન્ડિયાને એક જ જગ્યાએ રમવાનો ફાયદો થયો છે. ટીમ ઈન્ડિયાની મેચો દુબઈમાં હોવાથી અનેક ટીમોએ પાકિસ્તાનથી દુબઈ અવરજવર કરવી પડી હતી. જેને લઈને સવાલ ઉઠ્યા કે અન્ય દેશના ખેલાડીઓને આરામનો સમય ન મળ્યો. આ સિવાય ભારતીય ટીમ પર બીજો આરોપ લાગી રહ્યો છે કે ટીમ ઈન્ડિયાની તમામ મેચ એક જ જગ્યાએ હોવાથી તેમને ફાયદો થયો છે. જે બાદ ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ કહ્યું હતું કે, દુબઈ કંઈ અમારું ઘર નથી. ન્યૂઝીલેન્ડના કેપ્ટન મિચેલ સેંટનરે કહ્યું છે, કે ભારતે તમામ મેચો દુબઈમાં રમી જેના કારણે તેઓ પિચને જાણે છે.

## યુએસથી ડીપોર્ટ કરાયેલા ઈમિગ્રન્ટ્સ ગુનેગાર હતાં!

। (એજન્સી) વોશિગ્ટન, તા.૮ ।

ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વાર યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ બન્યા બાદ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દેશ નિકાલ કરવામાં આવી રહ્યા છે. યુએસથી ડીપોર્ટ કરવામાં આવેલા ભારતીયોને કથિત રીતે હાથકડી અને સાંકળ વડે બાંધીને ભારત મોકલવામાં આવતા હોબાળો મચી ગયો હતો, વિપક્ષે ભારત સરકાર પર ગંભીર આરોપ લગાવ્યા હતાં. અમેરિકાના ભૂતપૂર્વ વિદેશ સચિવ માઈક પોમ્પિયોએ ભારતની એક ખાનગી ન્યુઝ ચેનલના કાર્યક્રમમાં હાજરી આપી હતી, આ દરમિયાન તેમણે કહ્યું કે ભારતમાં મોકલવામાં આવેલા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ ગુનેગારો હતાં.કાર્યક્રમ દરમિયાન માઈક પોમ્પિયોએ ઘણા મુદ્દાઓ પર વાત કરી. ભારતીય ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને મીલીટરી વિમાનમાં હાથ-પગ બાંધીને પરત મોકલવા અંગે પ્રશ્ન પૂછવામાં આવતા પોમ્પિયોએ કહ્યું કે એ લોકો ગુનેગાર હતા. દુનિયા માને છે કે ટ્રમ્પ આ રીતે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને મોકલીને કોઈ યુક્તિ રમી રહ્યા છે પરંતુ એવું નથી.

### અગાઉ AMU તંત્રએ કર્યો હતો ઈનકાર

# અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં હોળી મિલન કાર્યક્રમને મંજૂરી

**AMU પ્રોવોસ્ટ બીબી સિંહએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓ ૧૩-૧૪ તારીખે NRSC કેમ્પસમાં ધૂળેટી રમી શકે છે**

। (એજન્સી) અલીગઢ, તા.૮ ।

ઉત્તર પ્રદેશની અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને ધૂળેટી રમવાની પરવાનગી મળી ગઈ છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ધૂળેટી રમવાની લેખિત પરવાનગી સાથે સંબંધિત મામલાની માહિતી આપતા AMU પ્રોવોસ્ટ બીબી સિંહએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓ ૧૩ અને ૧૪ તારીખે એમ ૨ દિવસ NRSC કેમ્પસમાં ધૂળેટી રમી શકે છે. યુનિવર્સિટીમાં ધૂળેટી રમવા માટે કોઈ પ્રતિબંધ નથી. AMUમાં ધૂળેટી રમવાની પરવાનગી અંગે વિવાદ શરુ થયો હતો, જેમાં AMUના વિદ્યાર્થી અખિલ કૌશલે NRSC હોલમાં હોળી મિલન કાર્યક્રમ અંગે ૨૫ ફેબ્રુઆરીએ લેખિત અરજી કરીને પરવાનગી માંગી હતી. પરંતુ AMU વહીવટીતંત્રે લેખિત પરવાનગી આપવાનો ઈનકાર કરી દીધો હતો. એવામાં હવે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ધૂળેટી રમવાની પરવાનગીને લઈને ચાલી રહેલા વિવાદનો સંપૂર્ણ અંત આવ્યો છે. હવે




વિદ્યાર્થીઓ બે દિવસ ધૂળેટી રમી શકશે. AMU પ્રશાસને હવે સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ વ્યક્તિ ગમે ત્યાં ધૂળેટી રમી શકે છે. અગાઉ યુનિવર્સિટીમાં ધૂળેટી રમવા પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયના કારણે ઘણો વિરોધ થયો હતો. હિન્દુ વિદ્યાર્થીઓએ છરે પ્રશાસન પર ભેદભાવનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, AMUને તમામ ધર્મોનું સન્માન કરીને તેના કાર્યક્રમો કરવા દેવા જોઈએ.

આ સમગ્ર મામલે રાજકારણ પણ ગરમાવા લાગ્યું હતું. અલીગઢના બીજેપી સાંસદ સતીશ ગૌતમે તો ત્યાં સુધી કહી દીધું હતું કે, AMU કેમ્પસમાં વિદ્યાર્થીઓને ધૂળેટી રમવાથી કોઈ રોકી શકશે નહીં. જો હિન્દુઓને ધૂળેટી રમવામાં કોઈ મુશ્કેલી આવે તો હું તેમની મદદ કરવા હાજર રહીશ. તેમજ તેમણે એમ કહીને વિવાદને વધુ વધાર્યો કે, જો કોઈએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો, તો તેને ઉપર પહોચાડી દેવામાં આવશે. AMU કેમ્પસમાં ૯મી માર્ચે ધૂળેટી રમવાની પરવાનગી માંગવામાં આવી હતી, પરંતુ AMUમાં એ દિવસે બોર્ડની પરીક્ષા છે. આથી ૧૩ અને ૧૪ માર્ચે રજા હોવાથી ત્યારે ધૂળેટી રમવાની પરવાનગી આપવામાં આવી છે.

### એક વ્યક્તિને ડીપોર્ટ કરવામાં રૂ.૧૭.૪૧ લાખનો ખર્ચ યુએસને પોષાતો નથી

# અમેરિકા હવે ડીપોર્ટ કરવાની પ્રક્રિયા માટે આર્મીના વિમાનનો ઉપયોગ નહીં કરે

**ટ્રમ્પ સરકારે ઈમિગ્રેશન પોલિસીના ચુસ્ત અમલ બાબતે સમગ્ર વિશ્વને સંકેત આપવા મિલિટરી ફ્લાઈટનો ઉપયોગ કર્યો હતો**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

અમેરિકાએ ગેરકાયદે વસાહતીઓને ડીપોર્ટ કરવાની પ્રક્રિયામાં મિલિટરી એરક્રાફ્ટનો ઉપયોગ નહીં કરવાનો નિર્ણય લીધો છે. મિલિટરી એરક્રાફ્ટમાં એક વ્યક્તિને ડીપોર્ટ કરવાનો ખર્ચ ૨૦,૦૦૦ ડોલર (૧૭.૪૧ લાખ) થઈ રહ્યો હોવાથી ટ્રમ્પ સરકાર ચોંકી ઊઠી છે. અમેરિકન મિલિટરીની છેલ્લી ફ્લાઈટે ૧ માર્ચે ઊડાન ભરી હતી અને ત્યારબાદ નવી ફ્લાઈટ રવાના કરાઈ નથી. અમેરિકાના સંરક્ષણ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ઊંચા ખર્ચના કારણે આગામી સમયમાં વસાહતીઓનો ડીપોર્ટ કરવાની પ્રક્રિયા દરમિયાન મિલિટરી એરક્રાફ્ટનો ઉપયોગ થશે નહીં. ટ્રમ્પ સરકારે ઈમિગ્રેશન પોલિસીના ચુસ્ત અમલ બાબતે સમગ્ર વિશ્વને સંકેત આપવા મિલિટરી ફ્લાઈટનો ઉપયોગ



કર્યો હતો. અમેરિકામાં ગેરકાયદે વસાહતીઓને સાંખી લેવાશે નહીં, તેવું સાબિત કરવા સરકારે બેડીઓ પહેરાવીને વસાહતીઓને પોતાના દેશમાં પરત મોકલ્યા હતા. અમેરિકાના ડીફેન્સ સેક્રેટરી પીટ હેગસેઠે અમેરિકાનાં આ પગલાંને ઉચિત ઠરાવતા અગાઉ કહ્યું હતું કે, કાયદો તોડનાર દરેક વ્યક્તિ અપરાધી છે અને જ્યાં કોઈને પણ જવાનું ના ગમે તેવા ગુઆન્ટેનામો કિનારે તેમને મોકલી દેવામાં આવશે. વસાહતીઓને ડીપોર્ટ કરવાની નીતિના અમલ બાદ અમેરિકાએ મિલિટરી એરક્રાફ્ટ સી-૧૭ અને સી-૧૩૦ની કુલ ૪૨ ફ્લાઈટ મારફતે ઈમિગ્રન્ટ્સને ભારત, ગ્વાટેમાલ, ઈક્વાડોર, પેરુ, હાન્ડુરાસ, પનામા અને ગુઆન્ટાનમો કિનારે મોકલ્યા છે. ઈમિગ્રન્ટ્સના દેશનિકાલ માટે કરાયેલા ખર્ચનું સરવૈયું કાઢતાં અમેરિકા સરકારની આંખો પહોળી થઈ ગઈ હતી. એક વ્યક્તિને ગુઆન્ટાનમો મોકલવાનો ખર્ચ ૨૦,૦૦૦ ડોલર (અંદાજે ૧૭.૪૧ લાખ) અને ભારતની પ્રત્યેક ફ્લાઈટનો ખર્ચ ૩ મિલિયન ડોલર (અંદાજે ૨૬.૧૧ કરોડ) થયો હતો. અમેરિકામાં સિવિલિયન એરક્રાફ્ટમાં કલાકનો ખર્ચ ૮,૫૦૦ ડોલર થાય છે જ્યારે સી-૧૭ મિલિટરી એરક્રાફ્ટનો પ્રતિકલાક ખર્ચ ૨૮,૫૦૦ ડોલર છે. અમેરિકાએ ગેરકાયદે વસાહતીઓને પોતાના દેશમાં મોકલવાનું બંધ કર્યું હતું અને ત્યારબાદ ગુઆન્ટેનામો કિનારે તેમને ફ્લાઈટ મારફતે ઉતારી દેવામાં આવતા હતા.

### કલમ ૩૭૦ની નાબૂદી પહેલું પગલું હતું

# POKની વાપસી પછી કાશ્મીર મુદ્દાનો ઉકેલ આવી જશેઃ એસ જયશંકર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

વિદેશ પ્રધાન એસ જયશંકરે જણાવ્યું હતું કે પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળ રહેલ કાશ્મીરના ચોરાયેલા હિસ્સાની વાપસી પછી સમગ્ર કાશ્મીર મુદ્દાનો ઉકેલ આવી જશે. જયશંકરે લંડનમાં ચાથમ હાઉસ થિંક ટેન્ક ખાતે એક સેશન દરમિયાન આ આક્રમક ટીપ્પણી કરી હતી. પાકિસ્તાને જયશંકરની ટીપ્પણીને પાયાવિહોણી ગણાવીને ફગાવી દીધી હતી અને ભારતના કાશ્મીર પર વળતો દાવો કર્યો હતો. કાશ્મીર મુદ્દાના ઉકેલ અંગેના એક સવાલના જવાબમાં જયશંકરે જણાવ્યું હતું કે આ મુદ્દાના ઉકેલ માટે અમે સારી કામગીરી કરી છે. કલમ ૩૭૦ની નાબૂદી પહેલું પગલું હતું, કાશ્મીરમાં વિકાસ, આર્થિક પ્રવૃત્તિ અને સામાજિક ન્યાય બીજું પગલું હતું અને ખૂબ જ




ઊંચા મતદાન સાથે ચૂંટણી યોજવી તે ત્રીજું પગલું હતું. હવે અમે કાશ્મીરના ચોરાયેલા હિસ્સાની વાપસીની રાહ જોઈએ રહ્યાં છે, જે પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળ છે. આ હિસ્સાની વાપસી થશે ત્યારે કાશ્મીર મુદ્દાનો ઉકેલ આવી જશે. જયશંકરની ટીપ્પણી અંગે ઈસ્લામાબાદમાં પાકિસ્તાન વિદેશ કાર્યાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આઝાદ જમ્મુ અને કાશ્મીર વિશે પાયાવિહોણા દાવા કરવાને બદલે ભારતે છેલ્લા ૭૭ વર્ષથી તેના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરના વિશાળ પ્રદેશોને ખાલી કરવા જોઈએ.

### હત્યાના કેસમાં સર્વોચ્ચ અદાલતે આરોપીઓને સમન્સ પાઠવવાનો નિર્ણય માન્ય રાખ્યો

# ચાર્જશીટમાં નામ ન હોય તેવી વ્યક્તિ સમન્સ પહેલાં સુનાવણીનો હકદાર નથીઃ SC

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સુપ્રીમ કોર્ટે ગુરુવારે એક મહત્ત્વપૂર્ણ આદેશમાં જણાવ્યું હતું કે આરોપી તરીકે આરોપ નામામાં નામ ન હોય તેવી કોઈ વ્યક્તિ સમન્સ પહેલા ટ્રાયલ કોર્ટમાં સુનાવણી માટે હકદાર નથી. આવી વ્યક્તિને ક્રિમિનલ ટ્રાયલનો સામનો કરવા સમન્સની બજવણી કરવી જરૂરી છે. તપાસ દરમિયાન તેની વિરુદ્ધ પુરાવા મળે તો આવી વ્યક્તિએ ટ્રાયલનો સામનો કરવો પડેઃ સુપ્રીમ કોર્ટ, જોકે ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે જો કોઈ કારણોસર ટ્રાયલ કોર્ટે આવી અરજી ફગાવી દીધા પછી હાઈકોર્ટ ફોજદારી કેસમાં આરોપી તરીકે



વ્યક્તિને સમન્સ મોકલવાના મુદ્દા પર વિચાર કરે છે, તો આરોપીને સુનાવણીનો અધિકાર મળે છે. ખંડપીઠ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૩૧૯ પરના કાનૂની સવાલ પર સુનાવણી કરી રહી હતી. આ કલમ મુજબ જો તપાસ અથવા ટ્રાયલ દરમિયાન એવું બહાર આવે કે જે વ્યક્તિનું નામ આરોપી તરીકે નથી પરંતુ તેણે ગુનો કર્યો છે, તો કોર્ટ ગુના માટે દોષિત જણાતી અન્ય વ્યક્તિઓ સામે કાર્યવાહી કરી શકે છે. આ મામલો ૨૦૦૯ના એક હત્યા કેસ સંબંધિત છે, જેમાં ચાર્જશીટમાં આરોપી ન હતા તેવા બે વ્યક્તિને ટ્રાયલ કોર્ટ અને અલ્હાબાદ હાઈકોર્ટમાં સંખ્યાબંધ લિટિગેશન પછી ટ્રાયલનો સામનો કરવા માટે સમન્સ કરાયા હતાં. સુપ્રીમ કોર્ટે હત્યા કેસમાં આરોપી તરીકે જમીન અને અકીલને સમન્સ મોકલવાના નિર્ણયને માન્ય રાખ્યો હતો. ૨૦૦૯માં યુપીના હરદોઈમાં ઈર્શાદ, ઈરફાન, અબ્દુલ, જમીન અને અકીલ વિરુદ્ધ FIR નોંધવામાં આવી હતી. પોલીસે ઈર્શાદ અને ઈરફાન વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી, જ્યારે અબ્દુલ, જમીન અને અકીલ વિરુદ્ધ તપાસ ચાલુ રાખી, જેમને ટ્રાયલનો સામનો કરવા માટે સમન્સ મોકલવામાં આવ્યું ન હતું.

## મંદિરોમાં ફક્ત ભક્તિનાં ગીતો જ વગાડવામાં આવે : મદ્રાસ હાઈકોર્ટ

। (એજન્સી) પુડુચેરી, તા.૮ ।

હિન્દુ મંદિરોના પરિસરમાં ફક્ત ભક્તિ ગીતો જ વગાડવા જોઈએ તેમ મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે મંદિરોમાં અન્ય પ્રકારના ખાસ કરીને ફિલ્મી ગીતો વગાડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. પોતાના આદેશમાં ન્યાયાધીશ ડી. ભરત ચક્રવર્તીની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે, મંદિરની અંદર કોઈપણ ઉજવણી દરમિયાન પછી ભલે તે મંદિર વહીવટ દ્વારા આયોજિત હોય કે ભક્તો દ્વારા, ફક્ત ભક્તિ સંગીત જ વગાડવું જોઈએ. ન્યાયાધીશ ડી ભરત ચક્રવર્તીએ પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, સંબંધિત સરકારી અધિકારીઓ દ્વારા ખાતરી આપવામાં આવી છે કે મંદિર પરિસરમાં ફક્ત ભક્તિ સંગીત જ વગાડવામાં આવશે. આ કેસ પુડુચેરીના તિરુમલૈરયન પટ્ટીનમ ખાતે સ્થિત વીઝી વરદરાજા પેરુમલ મંદિર સાથે સંબંધિત છે.

### ટ્રમ્પ જોતાં જ રહી ગયા । ટ્રમ્પની હાજરીમાં જ અમેરિકાના વિદેશ મંત્રીએ મસ્ક પર ખોટું બોલવાનો આરોપ લગાવ્યો હતો

# ટ્રમ્પની હાજરીમાં જ મસ્ક અને વિદેશ મંત્રી માર્કો રૂબિયો વચ્ચે ઉગ્ર દલીલ થઈ

। (એજન્સી) વોશિંગ્ટન ડીસી, તા.૮ ।

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજી વખત સત્તા સંભાળ્યા બાદ અનેક આકરા નિર્ણય લીધા છે. તેમાંથી અમુક નિર્ણયનો અમેરિકામાં પણ વિરોધ થઈ રહ્યો છે. ટ્રમ્પ તંત્રએ આવો જ એક નિર્ણય સ્ટાફ ઘટાડાનો કર્યો છે. જેની રાજકીય નેતાઓની સાથે સાથે અન્ય લોકો પણ ટિકા કરી ચુક્યા છે.

આ નિર્ણયના કારણે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હાજરીમાં વિદેશ મંત્રી માર્કો રુબિયો અને DOGEના પ્રમુખ ઈલોન મસ્ક વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી. રિપોર્ટ પ્રમાણે, કેબિનેટ બેઠક દરમિયાન ટ્રમ્પની હાજરીમાં જ બંને બાખડી પડ્યા હતા. જોકે બાદમાં ટ્રમ્પે મસ્ક અને રૂબિયો વચ્ચે માથાકૂટ થઈ હોવાની વાતનું ખંડન કર્યું હતું. ટ્રમ્પની હાજરીમાં જ અમેરિકાના વિદેશ મંત્રીએ મસ્ક પર ખોટું બોલવાનો આરોપ લગાવ્યો હતો. આ




બંને વચ્ચે કર્મચારીની સંખ્યામાં ઘટાડા મુદ્દે ચર્ચા થઈ હતી. બંને વચ્ચે આવી ઉગ્ર ચર્ચાને ટ્રમ્પ જોતાં જ રહી ગયા હતા. વિદેશ મંત્રી રૂબિયોની મસ્ક ઉપરાંત પરિવહન પ્રધાન સાથે પણ ઉગ્ર દલીલ થઈ હતી. ટ્રમ્પે તેમની કેબિનેટ મીટિંગમાં સ્ટાફ અને નીતિ અંગેનો અંતિમ ફેંસલો તેમનો હશે, મસ્કનો નહીં તેમ કહ્યું હતું. જે બાદ આ સમગ્ર ઘટનાક્રમ થયો હતો. તાજેતરમાં અમેરિકામાં મોટા પાયે સરકારી કર્મચારીઓની છટણી કરવામાં આવી છે.રુબિયોએ મસ્ક પર વળતો પ્રહાર કરતા કહ્યું કે સ્ટેટ ડિપાર્ટમેન્ટના ૧,૫૦૦ કર્મચારીઓએ અકાળે નિવૃત્તિ લીધી છે. રુબિયોએ વ્યંગાત્મક રીતે પૂછ્યું કે શું મસ્ક ઈચ્છે છે કે તેઓ તે બધા લોકોને ફરીથી નોકરી પર રાખે જેથી તેઓ તેમને ફરીથી બરતરફ કરવાનો ઢોંગ કરી શકે.એજન્સીના વડાઓથી લઈને ચીફ ઓફ સ્ટાફ સુઝી વિલ્સ સહિત વ્હાઈટ હાઉસના ટોચના અધિકારીઓ સુધીના મસ્ક ઓપરેશનના કડક અભિગમ વિશેની ફરિયાદો બાદ આ બેઠક બોલાવવામાં આવી હોવાનું કહેવાય છે. ટ્રમ્પ વહીવટીતંત્રને કર્મચારીઓમાં કાપ મૂકવાના આ નિર્ણય સામે તેના જ મતદારોના ગુસ્સાનો સામનો કરવો પડ્યો છે.જો કે, શુક્રવારે ઓવલ ઓફિસમાં પત્રકારો સાથેના સત્ર દરમિયાન, જ્યારે ટ્રમ્પને ટાઈમ્સના અહેવાલ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે તેનો ઈનકાર કર્યો હતો.

ટ્રમ્પે કહ્યું, બંનેમાં કોઈ ટકરાવ નથી થયો, હું ત્યાં હતો. ઈલોન મસ્ક માર્કો રુબિયો સાથે ખૂબ સારી રીતે મળે છે અને તેઓ બંને સારું કામ કરી રહ્યા છે.

## કુલભૂષણ જાધવનું અપહરણ કરનારા આતંકવાદીની હત્યા

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૮ ।

ભારતીય વેપારી અને પૂર્વ ભારતીય નેવીના અધિકારી કુલભૂષણ જાધવનું અપહરણ કરવામાં ISI ને મદદ કરનારા મુફ્તી શાહ મીરની તુર્બત પ્રાંતમાં અજાણ્યા વ્યક્તિએ ગોળી મારીને હત્યા કરી હોવાના રિપોર્ટ્સ આવી રહ્યા છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનીયરીંગ કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. 34, વર્ષ 2024-25. તા. 07.03.2025

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | ઈએમડી પડતર (₹) |
|---|---|---|---|---|
| 01 | ડીઆરએમ-એડીઆઈ-229-2024-25 | ગાંધીધામ મેગા ડેપો - ગાંધીધામ મેગા ડેપો ખાતે 170000 ક્યુ સ્ટોન બલાસ્ટની આપૂર્તિ અને હોપર્સમાં લોડિંગ કરવાનું કામ. | 9,86,42,146.40 | 6,43,200.00 |
| 02 | ડીઆરએમ-એડીઆઈ-230-2024-25 | અમદાવાદ સ્ટેશન વિસ્તાર-અમદાવાદ સ્ટેશન વિસ્તાર ખાતે સ્ટેશન વિસ્તાર માટે (16.0 મહિનાઓ માટે) અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ અને મેઈન હોલ્સનું સમારકામ અને સફાઈ કરવાનું કામ. (સંતુલન કામ) (પુનઃઆમંત્રિત) | 11,02,687.66 | 22,100.00 |
| 03 | ડીઆરએમ-એડીઆઈ-231-2024-25 | ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ મહેસાણા ખાતે કોમ્યુનિટી હોલનું બાંધકામ અને અન્ય સહાયક કામ. (સંયોજિત ટેન્ડર) | 2,29,95,463.69 | 2,65,000.00 |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ તા.01-04-2025 ના 15:00 કલાકે. ઓફિસનું સરનામું:** સિનીયર ડિવિઝનલ એન્જિનીયર (સંકલન)-અમદાવાદ, DRM ઓફીસ, ચામુંડા બ્રિજ પાસે, ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ** www.ireps.gov.in

ADI-343

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**તાત્કાલિક તેની ઈચ્છા કરાઈ પૂર્ણ!** | વડાપ્રધાન મોદીને તસવીર આપતા યુવક ભાવુક થઈ ગયો, જેને જોઈને પીએમ મોદીથી પણ રહેવાયું નહોતું

# પીએમ મોદીને જોઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો સુરતનો ઓમ ચૌધરી



| (એજન્સી) સુરત, તા.૮ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના સુરત પ્રવાસે હતા, હાલ તેઓ દિલ્હી જવા રવાના થઈ ચૂક્યા છે. પરંતુ પીએમ મોદીએ શુક્રવારે જાહેરસભાને સંબોધવા લિંબાયત વિસ્તારમાં પહોંચ્યા. જ્યાં સભા સ્થળ પરના પંડાલમાં પીએમ મોદી ખુલ્લી જીપમાં સ્ટેજ પર જઈ રહ્યા હતા.

આ દરમિયાન એક તસવીર સામે આવી. જેમાં એક યુવક પીએમ મોદીને એક તસવીર આપે છે. જેમાં પીએમ મોદીની માતા હીરાબા તેમને સ્નેહ કરતા જોવા મળે છે. પીએમને આ તસવીર આપતા યુવક ભાવુક થઈ ગયો હતો. તેમની આંખોમાં આંસુ હતા, જેને જોઈને પીએમ મોદીથી પણ રહેવાયું નહોતું.

જ્યારે આ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ત્યારે જાણવા મળ્યું કે આ યુવકનું નામ ઓમ ચૌધરી છે અને તે સુરતના ઉધના વિસ્તારનો રહેવાસી છે. ઓમ ચૌધરી B.A.C.નો વિદ્યાર્થી છે. પીએમ મોદીએ ઓમ ચૌધરીએ આપેલી તસવીર પર પ્રિય ઓમ, અભિનંદન લખ્યું હતું અને તેના પર હસ્તાક્ષર કર્યા પછી તેમને તે તસવીર પાછી આપી હતી. જો પીએમ મોદી અને તેમની માતાની તસવીર બનાવનાર ઓમની વાત માનવામાં આવે તો આ તસવીર બનાવવા પાછળનો વિચાર એ હતો કે માતા હીરા બાએ પીએમ મોદીમાં કેવી રીતે સંસ્કારોનું સિંચન કર્યું હશે. તેણે કહ્યું કે જ્યારે મેં પીએમને સભા સ્થળ પર જોયા તો હું તેમના સિવાય બીજું કંઈ જોઈ શક્યો નહીં. તેમને જોયા પછી મારી આંખમાં આપોઆપ આંસુ આવી ગયા. ઓમનું કહેવું છે કે આ તસવીર તેના માટે સૌથી કિંમતી બની ગઈ છે.

## ગુજરાત આરોગ્ય વિભાગ અને લાયન્સ ક્લબ્સ વચ્ચે MOU થયા

| (એજન્સી) ગાંધીનગર, તા.૮ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ ૨૦૨૫ સુધીમાં ટી.બી.મુક્ત ભારત નો સંકલ્પ કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વડાપ્રધાનના આ સંકલ્પને પાર પાડવા ગુજરાતની પ્રતિબદ્ધતામાં રાજ્ય સરકાર વધુ એક કદમ આગળ વધી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ૬ માર્ચ, ગુરુવારના રોજ ગાંધીનગર ખાતે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન વચ્ચે ન્યુટ્રીશન કિટ પૂરી પાડવા અંગે એમ.ઓ.યુ. થયા છે. આ એમ.ઓ.યુ. અંતર્ગત લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ટી.બી.ના દર્દીઓ સાથે નિક્ષય મિત્ર તરીકે જોડાશે અને પોષણ કિટ પૂરી પાડીને ટી.બી.મુક્ત ભારતમાં યોગદાન આપશે. આ પ્રસંગે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે રાજ્ય સરકારના પ્રયાસોમાં સ્વૈચ્છિક સંસ્થાઓની પ્રતિબદ્ધતા ભળશે તો વડાપ્રધાનની ટી.બી.મુક્ત ભારતની સંકલ્પના ચોક્કસ સાકાર થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ટી.બી.ના દર્દીઓને સારવારની સાથે સાથે પોષણયુક્ત આહારની પણ જરુરિયાત રહે છે. આથી જેમ-જેમ ટી.બી.ના દર્દીઓ શોધાય અને સારવાર હેઠળ મુકાય તેમ તેમ આ દર્દીઓને ન્યુટ્રીશન કિટ માટે નિક્ષય મિત્રની જરૂરિયાત રહેતી હોય છે.

કેન્દ્ર સરકારના ટી.બી.મુકત ભારત અભિયાન અંતર્ગત ટી.બી. નિર્મૂલન કામગીરીને વેગ મળે તે માટે રાષ્ટ્રપતિશ્રીએ પણ નવીન પહેલ અંતર્ગત ટી.બી.ના દર્દીઓને કોર્પોરેટ સેકટર, સ્વૈચ્છિક સંસ્થાઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, રાજકીય પાર્ટીઓ, સંસ્થાઓ દ્વારા પોષણયુકત આહાર, વૉકેશનલ સપોર્ટ, નિદાન અને અન્ય જરૂરીયાત મળી રહે તેવું આયોજન કરવા તાકીદ કરી છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં આશરે ૧૦,૫૫૫ નિક્ષય મિત્રોનું નિક્ષય પોર્ટલમાં રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને તેમના દ્વારા ટી.બી.ના દર્દીઓને પોષણયુકત આહાર માટે ૩,૪૯,૫૩૪ પોષણ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશને ટી.બી.મુકત ભારત અભિયાન અંતર્ગત નિક્ષય મિત્ર બની ટી.બી.ના દર્દીઓને ન્યુટ્રીશન કિટ આપવા ઉત્સાહ દર્શાવ્યો છે તેના ભાગરૂપે ટી.બી.ના દર્દીઓને દત્તક લેવા અને ન્યુટ્રીશન સપોર્ટ પૂરો પાડવા માટે મેમોરન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (એમ.ઓ.યુ.) કરવામા આવ્યાં છે. આ એમ.ઓ.યુ. અંતર્ગત લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ દ્વારા રાજ્ય સરકાર દ્વારા ઓળખાયેલા જરૂરિયાતમંદ તમામ ટી.બી.ના દર્દીઓને દર માસે સારવાર ચાલુ રહે ત્યાં સુધી ન્યુટ્રીશન કિટ આપવામા આવશે.

**ST વિભાગની મોટી જાહેરાત** | સરળતાથી અને સત્વરે યાતાયાતની સુવિધા મળી રહે એ આશયથી એસટી નિગમ દ્વારા સવિશેષ આયોજન કરાયું

# હોળી-ધૂળેટીના તહેવારોમાં વધારાની ૧૨૦૦ જેટલી બસો દોડાવાશે

| (એજન્સી) ગાંધીનગર, તા.૮ |

રાજ્યના નાગરિકોને આગામી હોળી ધુળેટીના તહેવારો દરમિયાન સરળતાથી અને સત્વરે યાતાયાતની સુવિધા મળી રહે એ આશયથી ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા સવિશેષ આયોજન કરાયું છે. આ તહેવારો દરમ્યાન વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપોનું એક્સ્ટ્રા સંચાલન કરાશે એમ ગુજરાત એસ. ટી.નિગમની યાદીમાં જણાવાયું છે.



યાદીમાં વધુમાં જણાવાયાનુસાર નિગમ દ્વારા વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની બસોનું સંચાલન કરીને રાજ્યના નાગરિકો પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે એ માટે વધારાની પરિવહન સેવા પુરી પાડે દર વર્ષે પુરી પાડે છે. રાજ્યના પંચ મહાલ, દાહોદ, ઝાલોદ, ગોધરા, સંત રામપુર, છોટાઉદેપુર વગેરે જિલ્લાના નાગરિકો રાજ્યના અન્ય જીલ્લાઓમાં નોકરી/ વ્યવસાય/ મજૂરી અર્થે આવન જાવન કરે છે. વતનથી બીજા જીલ્લામાં સ્થાયી થયેલ હોય તેવા પરિવારો હોળી-ધૂળેટી જેવા તહેવારોમાં માદરે વતન તરફ મુસાફરી કરતા હોય છે. જેથી, નાગરીકો પોતાના પરિવાર સાથે પોતાના વતનમાં તહેવારો ઉજવી શકે તે હેતુથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી જેવા કે અમદાવાદ, રાજકોટ, અમરેલી, જુનાગઢ, ભાવનગર અને ભુજ જેવા વિસ્તારમાંથી ગોધરા, દાહોદ, ઝાલોદ, છોટાઉદેપુર વિગેરે જગ્યાએ જવા માટે વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવામાં આવશે. જે પૈકી ડાકોર અને દ્વારકા જવા માટે ૫૦૦ બસો દ્વારા ૪૦૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરાશે જ્યારે તારીખ ૧૦ માર્ચ ૨૦૨૫ થી ૧૬ માર્ચ ૨૦૨૫ દરમ્યાન હોળી-ધૂળેટીના તહેવારો દરમિયાન પણ આ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

ગત વર્ષે ગુજરાત એસ. ટી. દ્વારા ૧૦૦૦ જેટલી બસો દ્વારા ૬૫૦૦ થી વધુ ટ્રીપોનું સંચાલન કરી મુસાફરોને વતન ભણી મોકલવામાં આવેલ. ઉપરાંત ડાકોર રણછોડરાયજી ફૂલડોલોત્સવ માટે ૪૦૦ બસો દ્વારા ૩૦૦૦ ટ્રીપોનું દર્શનાર્થીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસનું ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી અને નિગમની મોબાઈલ એપ્લીકેશન પરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે તથા મુસાફરોને સંચાલન સબંધિત પૂછપરછ માટે નિગમના તમામ ડેપો પરથી અને નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે. જેનો રાજ્યના નાગરિકો દ્વારા ખાસ લાભ લેવા નિગમ દ્વારા અનુરોધ કરાયો છે.

ઓનલાઈન રજિસ્ટ્રેશનનો સમય પૂરો થતાં મુદત લંબાવવાનો નિર્ણય લેવાયો

# જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા માટે ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકાશે

## મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરાયા બાદ વિદ્યાર્થીઓને ૬ માર્ચ સુધીની મુદત અપાઈ હતી

| (એજન્સી) અમદાવાદ, તા.૮ |

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરાયા બાદ વિદ્યાર્થીઓને ૬ માર્ચ સુધીની મુદત અપાઈ હતી. જોકે, હજુ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી હોવાનું જણાતા રાજ્ય પરીક્ષા બોર્ડે જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે ફોર્મ ભરવાની મુદત લંબાવવાનો નિર્ણય લીધો છે. જે અનુસાર હવે આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે ૨૯ માર્ચે પરીક્ષા લેવાશે. ધોરણ-૧થી ૮માં સરકારી અથવા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલો હોય તેમજ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી શાળામાં ધોરણ-૧માં પ્રવેશ મેળવી ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલો હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ શરૂ કરવામાં આવેલી છે. જેમાં ધોરણ-૯થી ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે રાજ્યના ૨૫૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીને દર વર્ષે પસંદ કરીને સ્કોલરશીપ આપવામાં આવે છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી સ્કોલરશીપ પરીક્ષાને લઈને જાહેરનામું બહાર પાડ્યું હતું. જેમાં પ રીક્ષા માટેના રજિસ્ટ્રેશન ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૫ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ ૬ માર્ચ સુધી ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, ૬ માર્ચ સુધી ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ પણ ઘણા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાનું જણાતા ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરાયો છે. જે મુજબ હવે જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓ ૧૧ માર્ચ સુધી ફોર્મ ભરી શકશે. ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૨૯ માર્ચના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે.

દંપતીની હત્યા કે આત્મહત્યા અંગે ઘૂંટાતું રહસ્ય

# વાલિયામાં શિક્ષક દંપતીનું રહસ્યમય મોત, લોહીથી લથબથ લાશો મળી

| (એજન્સી) ભરૂચ, તા.૮ |

ભરૂચના વાલીયા ખાતે આવેલ ગણેશ ગાર્ડન સોસાયટીના મકાનમાંથી શિક્ષક દંપતીનો લોહીથી લથબથ હાલતમાં મૃતદેહમળી આવતા ખળભળાટ જવા પામ્યો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ભરૂચના વાલિયાની ગણેશ ગાર્ડન સોસાયટીમાં રહેતા શિક્ષક દંપતિ જીતેન્દ્રસિંહ બોડાદરા અને તેમની પત્ની લતાબેન બોડાદરાનો તેમના જ મકાનમાંથી લોહી લુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ગતરોજ આખા દિવસ દરમિયાન મકાન બંધ રહેતા સ્થાનિકોને કંઈક અજુગતુ લાગ્યું હતું આથી તેઓએ પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાની સાથે જ વાલીયા પોલીસનો કાફલો સોસાયટીમાં પહોંચ્યો હતો અને મકાનનો દરવાજો તોડી અંદર જોયું હતું તો પતિ અને પત્નીનો લોહીથી લથબથ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.મૃતક જીતેન્દ્રસિંહ બોડાદરા વિજયનગર પ્રાથમિક શાળામાં તો તેમના પત્ની લતાબેન બોડાદરા ભિલોડ ગામની પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે ત્યારે તેમના રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળી આવતા અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે.

# ગોરખપુર સ્ટેશન પર નોન ઈન્ટરલોકિંગ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

| અમદાવાદ, તા.૮ |

પૂર્વોત્તર રેલવેના કુસમ્હી - ગોરખપુર-ગોરખપુર કેન્ટ સ્ટેશનો વચ્ચે ત્રીજી લાઈનના સંબંધમાં નૉન ઈન્ટરલોકિંગ કામને લીધે અમદાવાદ મંડળથી ચાલતી/ પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે :

**પૂર્ણપણે રદ ટ્રેનો**

૧. ૧૭, ૧૯, ૨૪, ૨૬ એપ્રિલ તથા ૧ મે ૨૦૨૫ ના રોજ સાબરમતીથી ચાલનારી ટ્રેન નંબર ૧૯૪૦૯ સાબરમતી-ગોરખપુર એક્સપ્રેસ

૨. ૧૯,૨૧, ૨૬, ૨૮ એપ્રિલ તથા ૩ મે ૨૦૨૫ ના રોજ ગોરખપુરથી ચાલનારી ટ્રેન નંબર ૧૯૪૧૦ ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસ

૩. ૨૫ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ગાંધીધામથી ચાલનારી ટ્રેન નંબર ૦૯૪૫૧ ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ

૪. ૨૮ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ભાગલપુરથી ચાલનારી ટ્રેન નંબર ૦૯૪૫૨ ભાગલપુર-ગાંધીધામ સ્પેશિયલ

૫. ૨૪ એપ્રિલ અને ૦૧ મે ૨૦૨૫ ના રોજ ગોરખપુરથી ચાલનારી ટ્રેન નંબર ૧૫૦૪૫ ગોરખપુર-ઓખા એક્સપ્રેસ

૬. ૨૭ એપ્રિલ અને ૦૪ મે ૨૦૨૫ ના રોજ ઓખાથી ચાલનારી ટ્રેન નંબર ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ

**આંશિક રદ ટ્રેનો**

૧. ૧૨ એપ્રિલથી ૩ મે ૨૦૨૫ સુધી (સોમવાર સિવાય) અમદાવાદથી ચાલનારી ટ્રેન નંબર ૧૯૪૮૯ અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ વારાણસી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા આ ટ્રેન વારાણસી-ગોરખપુર વચ્ચે આંશિક રદ રહેશે.

૨. ૧૩ એપ્રિલથી ૪ મે ૨૦૨૫ સુધી (મંગળવાર સિવાય) ટ્રેન નંબર ૧૯૪૯૦ ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસ વારાણસીથી શોર્ટ ઓરિજિનેટ થશે તથા ગોરખપુર-વારાણસી વચ્ચે આંશિક રદ રહેશે.

**પરિવર્તિત માર્ગથી ચાલનારી ટ્રેનો**

૧. ૧૧ એપ્રિલ ૨૦૨૫ ની ટ્રેન નંબર ૦૯૪૫૧ ગાંધીધામ-ભાગલપુર એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ બારાબંકી-ગોંડા-ગોરખપુર-પનિયાહવા-મુઝફ્ફરપુરને બદલે પરિવર્તિત માર્ગ વાયા બારાબંકી-અયોધ્યા કેન્ટ-શાહગંજ-વારાણસી-ઔડિહાર-છપરા-મુઝફ્ફરપુરના રસ્તે ચાલશે.

૨. ૧૪ એપ્રિલ ૨૦૨૫ ની ટ્રેન નંબર ૦૯૪૫૨ ભાગલપુર-ગાંધીધામ એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મુઝફ્ફરપુર-પનિયાહવા-ગોરખપુર-ગોંડા-બારાબંકીને બદલે પરિવર્તિત માર્ગ વાયા મુઝફ્ફરપુર-છપરા-ઔડિહાર-વારાણસી-શાહગંજ-અયોધ્યા કેન્ટ-બારાબંકીના રસ્તે ચાલશે.

૩. ૧૦,૧૧,૨૪ એપ્રિલ અને ૦૧ મે ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર - મુઝફ્ફરપુર એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ બારાબંકી-ગોંડા - ગોરખપુર-પનિયાહવા - મુઝફ્ફરપુરને બદલે પરિવર્તિત માર્ગ વાયા બારાબંકી-શાહગંજ - મઊ - ફેફના - છપરા - મુઝફ્ફરપુરના રસ્તે ચાલશે. યાત્રીઓને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સમય, રોકાણ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ગઠિયાએ વૃદ્ધનું એટીએમ કાર્ડ બદલી રૂ.૮૦ હજાર ઉપાડી લીધા

| (એજન્સી) અમદાવાદ, તા.૮ |

શહેરમાં એકલદોકલ વૃદ્ધ એટીએમમાં રૂપિયા લેવા જતા હોય તેવા લોકોને ટાર્ગેટ કરીને મદદ કરવાના બહાને એટીએમ કાર્ડ બદલીને વૃદ્ધને બનાવટી કાર્ડ આપીને ઓરીજીનલ કાર્ડ વડે રૂપિયા ઉપાડી લેવામાં આવતા હોવાનો કિસ્સો શહેરના ઈસનપુર વિસ્તારમાં બન્યો છે. વિશાલનગરમાં રહેતા અને ખાનગી કંપનીમાં કામ કરતા વૃદ્ધ એટીએમમાં રૂપિયા ઉપાડવા ગયા અને પાછળ ઉભેલા શખ્સે વૃદ્ધને મદદ કરવાના બહાને એટીએમ બદલી નાખ્યું અને વૃદ્ધના એકાઉન્ટમાંથી રૂ.૮૦ હજાર ઉપાડી લીધા હતા. આ મામલે વૃદ્ધે ઈસનપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.ઈસનપુરના વિશાલનગરમાં રહેતા ૬૩ વર્ષીય વૃદ્ધ રાજેશ કુમાર કાછિયા વટવામાં ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગત ૨૩ ફેબ્રુઆરીની સવારે વૃદ્ધ ગોવિંદવાડી નજીક એક્સિસ બેંકના એટીએમમાં પગાર ઉપાડવા ગયા હતા.


